dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 27 | AD - 2024, Aaso Vad -11 | Sunday, Dt.27-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ઈઝરાયેલના સુરક્ષા મંત્રીમંડળે ઈરાનમાં હુમલાને મંજૂરી આપવા માટે સર્વસંમતિથી મતદાન કર્યુ

# બદલો: ઈઝરાયેલનો ઈરાનના સૈન્ય ઠેકાણાઓ પર હુમલો

(એ.આર.એલ),તહેરાન,તા.૨૬

ઈઝરાયેલે શનિવારે વહેલી પરોઢે ઈરાન પર જબરદસ્ત હવાઈ હુમલા કરીને દુનિયાને દેખાડી દીધુ કે તે જ્યારે ઈચ્છે ત્યારે ઈરાન પર હુમલો કરી શકે છે. ઈઝરાયેલે આ હુમલો ઈરાનથી બદલો લેવા માટે કર્યો. આ મહિનાની શરૂઆતમાં ઈરાને ઈઝરાયેલ પર બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો હતો. ત્યારથી આખી દુનિયામાં બેચેની હતી કે ઈઝરાયેલ આ હુમલાનો કેવો જવાબ આપશે. આખરે એ દિવસ આવી ગયો કે જ્યારે ઈઝરાયેલે ઈરાનમાં ઘૂસીને તેના સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કર્યો અને દેખાડી દીધુ કે તે ઈરાનમાં જ્યારે ઈચ્છે ત્યારે હુમલો કરી શકે છે.

ઈઝરાયેલે ઈરાન પર હુમલો કરતા પહેલા પોતાના સુરક્ષા મંત્રીમંડળને રાતે ફોન કર્યો. તેમની મંજૂરી મળ્યા બાદ જ હુમલો કરાયો. ઈઝરાયેલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ ઈઝરાયેલના સુરક્ષા મંત્રીમંડળે ઈરાનમાં હુમલાને મંજૂરી આપવા માટે સર્વસંમતિથી મતદાન કર્યું.

રિપોર્ટ મુજબ પ્રધાનમંત્રી કાર્યાલયે સીએનએનને જણાવ્યું કે હુમલાના થોડા કલાકો પહેલા ફોન કોલ પર મતદાન થયું જેમાં ઈઝરાયેલના સુરક્ષા મંત્રીમંડળે ઈરાનમાં હુમલાને મંજૂરી આપવા માટે સર્વસંમતિથી મતદાન કર્યું. જેવી સુરક્ષા મંત્રીમંડળે મંજૂરી આપી કે ઈઝાયેલે રાતે ૨.૩૦ વાગે ઈરાનમાં કોહરામ મચાવવાનો શરૂ કરી દીધો. ત્યારબાદ ઈઝરાયેલની સેનાએ શનિવારની સવારે પુષ્ટિ કરી કે તે તહેરાનમાં વિસ્ફોટોના શરૂઆતના રિપોર્ટ્સ બાદ ઈરાનમાં સૈન્ય લક્ષ્યો પર હુમલો કરી રહ્યા છે.

ગત અઠવાડિયે એક ઈઝરાયેલી અધિકારીએ સીએનએનને જણાવ્યું કે ૧ ઓક્ટોબરના રોજ ઈરાને જે હુમલો કર્યો હતો ત્યારબાદ જવાબ આપવા માટે કેબિનેટ એકમત થઈ શકતી નહતી, પરંતુ શનિવારે રાતે મંજૂરી મળતા જ હુમલો કરી દેવાયો. બીજી બાજુ ઈરાનમાં બધા સૂઈ રહ્યા હતા ત્યારે વિસ્ફોટોનો અવાજ સાંભળીને તહેરાનના લોકો ઊંઘમાંથી જાગ્યા, જો કે હજુ એ વાતની જાણકારી સામે નથી આવી કે આ હુમલાઓથી કેટલું નુકસાન થયું. આ હુમલા બાદ ઈરાન અને ઈઝરાયેલમાં દુશ્મની વધી ગઈ છે. પશ્ચિમ એશિયામાં ત્યારબાદ હાલત વધુ ખરાબ થવાનું જોખમ ઊભુ થયું છે. પશ્ચિમ એશિયામાં ઈરાન સમર્થિત કટ્ટરપંથી સમૂહ,



ગાજામાં હમાસ અને લેબનોનમાં હિજબુલ્લાહ પહેલેથી જ ઈઝરાયેલ સાથે યુદ્ધ લડી રહ્યા છે.

ઈઝરાયેલી સેનાએ હુમલાના અનેક વીડિયો જારી કર્યા છે. તેમાંથી એક વીડિયો ઈઝરાયેલી એરફોર્સના કમાન્ડર સેન્ટરનો છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે કમાન્ડ સેન્ટરમાં સૈન્ય અધિકારી ઈરાન પર થઈ રહેલા હુમલાના દિશા નિર્દેશ આપી રહ્યા છે. IDF દ્વારા જારી કરાયેલા એક વીડિયોમાં ઈઝરાયેલી ચીફ ઓફ જનરલ સ્ટાફ હર્જી હલેવીનો કેમ્પ રાબિન (કિર્યા)માં ઈઝરાયેલી વાયુસેનાના અંડરગ્રાઉન્ડ સેન્ટરથી ઈરાન પર હુમલાની કમાન સંભાળતા દેખાડાયા છે. જ્યારે શનિવારે જણાવ્યું કે તેણે ઈરાનના સૈન્ય ઠેકાણાઓ પર સટીક હુમલા કર્યા છે. જો કે તેણે હુમલાઓ વિશે હાલ કોઈ વિસ્તૃત જાણકારી આપી નથી. ઈઝરાયેલી સૈન્ય પ્રવક્તા રિયર એડમિરલ ડેનિયલ હગારીએ પહેલેથી રેકોર્ડ કરાયેલા વીડિયો સંદેશમાં શનિવારે કહ્યું કે ઈરાનનું શાસન અને ક્ષેત્રમાં તેના સમર્થકો સાત ઓક્ટોબરથી ઈઝરાયેલ પર સતત હુમલા કરી રહ્યા છે. જેમાં ઈરાની ધરતીથી કરાયેલા સીધા હુમલા પણ સામેલ છે. તેમણે કહ્યું કે, દુનિયાના દરેક અન્ય સંપ્રભુ દેશની જેમ ઈઝરાયેલને પણ જવાબ આપવાનો અધિકાર છે અને આ તેનું કર્તવ્ય છે. ઈરાન પર હુમલા અંગે અમેરિકાએ પણ તરત પ્રતિક્રિયા આપી છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે ઈરાન પર હુમલાથી ગણતરીની પળો પહેલા ઈઝરાયેલે તેની જાણકારી અમેરિકાને આપી હતી. અત્રે જણાવવાનું કે તે પહેલા અમેરિકાએ ઈઝરાયેલને અપીલ કરી હતી કે તે ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલા ન કરે. અમેરિકાના નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના પ્રવક્તા સીન સાવેટે એક નિવેદનમાં કહ્યું કે સૈન્ય ઠેકાણા પર ટાર્ગેટેડ હુમલા આત્મ રક્ષાની કાર્યવાહી છે. અત્રે જણાવવાનું કે ઈઝરાયેલે શનિવારે ઈરાન પર મોટો હુમલો કર્યો. ઈરાનની રાજધાની તહેરામ બોમ્બ ધડાકાથી ધણધણી ઉઠ્યું. ન્યૂઝ એજન્સી એપીના રિપોર્ટ મુજબ ઈરાનનું કહેવું છે કે ઈઝરાયેલી હુમલાએ ઈલમ, ખુજેસ્તાન અને તહેરાન પ્રાંતોમાં સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા. જેનાથી મર્યાદિત નુકસાન થયું. તહેરાન ટાઈમ્સ મુજબ વિસ્ફોટો અંગે હજુ જાણકારી મળી નથી. જો કે કેટલાક સ્ત્રોતોથી સંકેત મળે છે કે ડ્રિલનો એક હિસ્સો તહેરાનની પાસે થયો. એક વરિષ્ઠ અમેરિકી સૈન્ય અધિકારીએ અલ ઝઝીરાને જણાવ્યું કે અમેરિકા ઈરાનના વિસ્ફોટોથી માહિતગાર છે અને સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. ઈરાને કહેરાન, ખુજેસ્તાન, અને ઈલમ પ્રાંતોમાં સૈન્ય ઠેકાણાઓ પર હુમલાનો સ્વીકાર કર્યો છે. ઈઝરાયેલી મીડિયા મુજબ ઈરાન વિરુદ્ધ ત્રણ તબક્કામાં હુમલા કરાયા. અમેરિકા અને ઈઝરાયેલી અધિકારીઓનો હવાલો આપતા રિપોર્ટ્સમાં કહેવાયું કે પહેલો તબક્કો ઈરાની એર ડિફેન્સ પર કેન્દ્રીત હતો. જ્યારે બીજો અને ત્રીજો તબક્કો મિસાઈલ અને ડ્રોન અડ્ડાઓ તથા પ્રોડક્શન સાઈટ્સ પર કેન્દ્રીત હતો.






# દિલ્હી પબ્લિક સ્કૂલ બહાર પ્રધાનમંત્રી વિરૂધ્ધ નારા લખાયા

દિલ્હી,તા.૨૬


ખાલિસ્તાન સમર્થક સંગઠન શીખ ફોર જસ્ટિસે (SFJ) દિલ્હીની વ્હાઈટ લીફ પબ્લિક સ્કૂલ બહાર વડાપ્રધાન મોદી અને કેનેડાના પૂર્વ હાઈ કમિશનર સંજય વર્મા વિરુદ્ધ નારા લખ્યા છે. આતંકવાદી પન્નુએ એક વીડિયો જાહેર કરીને કહ્યું કે આ નારા મેં લખાવ્યા છે. વીડિયોમાં પન્નુએ પીએમ મોદી



અને વર્માને હિન્દુ આતંકવાદી કહ્યા છે. આતંકવાદી પન્નુની આ પ્રતિક્રિયા એક ન્યૂઝ એજન્સીને આપેલા વર્માના ઈન્ટરવ્યુ પછી આવી છે. જેમાં વર્માએ કહ્યું હતું કે કેનેડાએ ભારત સાથે દગો કર્યો છે. કેનેડાના રાજકારણમાં ખાલિસ્તાની આતંકવાદીઓનો દબદબો છે. નિજ્જરની હત્યાના આરોપો પણ રાજકીય પ્રેરિત છે. પન્નુએ વીડિયોમાં વર્માને ચેતવણી પણ આપી છે. જેમાં એવું કહેવાય છે કે તેઓ ખાલિસ્તાન સમર્થકોની નજરમાં છે. વર્માએ કેનેડાના સાર્વભૌમત્વને પડકાર્યું હતું અને વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સામે પ્રચાર કર્યો હતો. પન્નુએ વર્મા પર નિજ્જરની હત્યા કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે વર્મા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. તેમની સામે ૫ લાખ ડોલરનું બજેટ રાખવામાં આવ્યું છે, જેથી તેને કાર્યવાહીનો સામનો કરવો પડે.



















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૨૭-૧૦-૨૦૨૪

## ખેડૂતોને દિવાળી ટાણે હોળી, કૃષિ સહાયમાં અમરેલી જિલ્લાને ઠેંગો બતાવવામાં આવતા કોંગ્રેસનો વિરોધ

# કૃષિ સહાય બાબતે સાવરકુંડલા કોંગ્રેસનો ચક્કાજામ

સાવરકુંડલા,તા.૨૬

ગુજરાત સરકાર દ્વારા તાજેતર ઓકટોબર માસમાં થયેલ કમોસમી વરસાદથી ખેડૂતોનાં પાકોને થયેલ નુકશાની સામે ૧૪૨૦ કરોડ રૂપિયાનું સહાય પેકેજ જાહેર કરવામાં આવેલ છે તેમાં અમરેલી જિલ્લાને આ સહાયમાંથી વંચિત રાખવામાં આવેલ છે. અમરેલી જિલ્લાનાં ખેડૂતોને થયેલ અન્યાય સામે સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ તેમજ સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સરકાર સામે સૂત્રોચ્ચાર અને રોડ ચક્કાજામ કરી વિરોધ દર્શાવવામાં આવેલ હતો. કોંગ્રેસ દ્વારા રોષ સાથે જણાવેલ છે કે, અમરેલી જિલ્લાને અવાર નવાર અન્યાય શા માટે કરવામાં આવે છે? ગત વર્ષે પણ અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદના કારણે થયેલ નુકશાની સામે સર્વે કરવામાં આવ્યો નહોતો. જેથી ખરેખર ખેડૂતોને અન્યાય થવા


તસવીર : સૌરભ દોશી

પામેલ હતો, અમરેલી જિલ્લાને જ નુકશાની વળતરની સહાયમાંથી વંચિત રાખવામાં આવેલ છે જેથી અમરેલી જિલ્લાને વિશિષ્ટ સહાય પેકેજ જાહેર કરવામાં આવે અને અમરેલી જિલ્લાના ખેડૂતોને થયેલ પાક નુક્શાનનું વળતર ચુકવવામાં આવે. ગુજરાત સરકાર દ્વારા નિષ્પક્ષ અને તટસ્થ સર્વે ની ટીમ બનાવીને અમરેલી જિલ્લાનો સર્વે કરવામાં આવે અને તેમનો અહેવાલ તૈયાર કરી તેમાં ખેડૂતોને થયેલ ખરેખર નુકશાની દર્શાવીને સત્વરે સહાય ચૂકવવામાં આવે. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતાના પાક નુકશાન સામે તેમના દેવા માફ કરવામાં આવે તે માટે સાવરકુંડલાના ખેડૂતો પણ જોડાયા હતા. આમ ખેડૂતો અન્યાયનો ભોગ બની રહ્યા છે ત્યારે સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ અને સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ તેમજ ખેડૂત આગેવાનો દ્વારા સરકારને રજૂઆત સાથે વિરોધપ્રદર્શન કરવામાં આવેલ હતું.

## તાત્કાલિક નુકસાનીગ્રસ્ત ખેડૂતોનો સર્વે કરી સહાય ચુકવાવમાં આવે તેવી કોંગ્રેસે કરી માંગ

### અમરેલીનાં સાંસદ ભરત સુતરીયાની

## ભારતસરકારનાં આવાસ અને શહેરી વિકાસ મંત્રાલયની કમિટી સભ્ય તરીકે નિમણૂક



અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ અને સાંસદ ભરત સુતરીયાની કામગીરીની નોંધ લઈ ભારત સરકાર દ્વારા મહત્વનો હોદ્દો આપવામાં આવ્યો છે. સાંસદ તરીકે ૩ લાખ કરતા વધારે લીડથી જીતી સમગ્ર અમરેલી જિલ્લાનું કેન્દ્ર સરકારમાં પ્રતિનિધિત્વ કરનાર ભરતભાઈ સુતરીયાને ભારત સરકારનાં આવાસ અને શહેરી વિકાસ મંત્રાલયની કમિટીમાં સભ્ય તરીકે નિમણૂક આપવામાં આવતાં ભરતભાઈ સુતરીયા પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## અમરેલી જિલ્લાનાં પ્રવાસે આવતાં પ્રધાનમંત્રીને પ્રદેશ મહીલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમરનો ખુલ્લો પત્ર

### જિલ્લાના ૧૬ જેટલા પ્રશ્નો અંગે પ્રધાનમંત્રીને માહિતગાર કરાયા

અમરેલી, તા.૨૬

સોમવારે પ્રધાનમંત્રી મોદી અમરેલી જિલ્લાનાં પ્રવાસે છે ત્યારે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસનાં પ્રમુખ જેનીબેન ઠુંમરે અમરેલી જિલ્લાની પ્રજા વતી પ્રધાનમંત્રીને ખુલ્લો પત્ર લખ્યો છે. પત્રમાં જણાવ્યું છે કે, રાજુલાથી સુરત વચ્ચે રોરો સર્વિસ ચાલુ કરવી, જિલ્લામાં સાંથલી સિંચાઈ યોજના અમલમાં મુકવી, અમરેલીથી અમદાવાદ જતાં નેશનલ હાઈ-વે મંજુર થઈ ગયા હોવા છતાં કામગીરી ઠપ્પ હોવાથી વહેલી તકે ચાલુ કરવો, સોમનાથ-કુંકાવાવથી દિલ્લી સુધીની ટ્રેન મળે તે માટે નિર્ણય લેવો, અમરેલી



જિલ્લામાં પડેલ ભારે વરસાદને કારણે ખેડૂતો પાયમાલ થઈ ગયા છે ત્યારે તાત્કાલિક વળતર મળે, રાની પશુઓ, નિલગાય, ભૂંડનો ત્રાસ દિન-પ્રતિદિન વધતો જાય છે તેમાથી મુક્તિ મળે તેવી કાર્યવાહી કરવી જિલ્લાના રત્નકલાકારોને મંદીનો સામનો ન કરવો પડે તેના માટે જિલ્લામાં નાના-મોટા ઉદ્યોગોની સ્થાપના કરવી આમ જિલ્લાનાં ૧૬ જેટલા મહત્વનાં પ્રશ્નોની ખુલ્લા પત્રમાં રજૂઆત કરવામાં આવી છે.

## વિદેશમાં મેડિકલની ડિગ્રી મેળવનાર ભારતમાં MBBSની પરીક્ષા પાસ કરે તો જ તે પ્રેકટિસ કરી શકે : અમરેલી IMA

### કેટલાક એમ. ડી. તરીકે પ્રેકટિસ કરીને લોકોના જીવ જોખમમાં મુકે છે, આઇએમએની ચેતવણી

અમરેલી, તા.૨૬

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન-અમરેલીના પ્રમુખ ડો. જી. જે. ગજેરા અને મંત્રી ડો. નિલેશ પી. જાનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, વિદેશમાં ડોકટરની ડિગ્રી મેળવનારને ભારતમાં માત્ર એમબીબીએસ કક્ષાની ડિગ્રી મળી શકે છે. તેઓ એમ. ડી. તરીકે પ્રેકટિસ કરી શકતા નથી. વિદેશમાં મેડિકલની ડિગ્રી મેળવનાર ભારતમાં એમબીબીએસની પરીક્ષા પાસ કરે તો જ તે પ્રેકટિસ કરી શકે છે. વિદેશમાં મેડિકલનો અભ્યાસ કરનાર કેટલાક લોકો એમ. ડી. તરીકે પ્રેકટિસ કરીને લોકોના જીવ જોખમમાં મુકી રહ્યા છે અને તેમની સાથે છેતરપિંડી કરે છે. આથી લોકોને જણાવવામાં આવે છે કે, આવી પ્રેક્ટિસ કરનાર ડોકટર ધ્યાનમાં આવે તો જિલ્લા આરોગ્ય અધિકારી અથવા ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ-મંત્રીને જાણ કરવી. બીજા રાજ્યમાંથી મેડિકલની ડિગ્રી મેળવી હોય અને તેમને ગુજરાતમાં પ્રેકટિસ કરવી હોય તો ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત હોય છે. તેઓ એમબીબીએસ, પીજી કે સુપરસ્પેશિયાલિસ્ટનું રજિસ્ટ્રેશન કરાવ્યા સિવાય ગુજરાતમાં પ્રેકટિસ કરે તો તેમનું લાયસન્સ રદ થઈ શકે છે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

## વિશેષ ભાડા પર મહુવા-સાવરકુંડલા-ઉધના વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડશે

અમરેલી,તા.૨૬

દિવાળી અને છઠ પૂજા દરમિયાન ટ્રેનોમાં થનારી ભીડને ધ્યાનમાં રાખીને, યાત્રિકોની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વેએ મહુવા અને ઉધના સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર ''સ્પેશિયલ ટ્રેન'' ચલાવવાનો નિર્ણય લીધો છે. ટ્રેન નંબર ૦૯૦૧૮ મહુવા – ઉધના સ્પેશિયલ ગુરુવાર, ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ મહુવાથી ૧૩.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૪.૦૦ કલાકે ઉધના સ્ટેશન પહોંચશે. ટ્રેન નંબર ૦૯૦૧૭ ઉધના - મહુવા સ્પેશિયલ ઉધના સ્ટેશનથી બુધવાર, ૩૦ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ રાત્રે ૨૧.૪૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૯.૧૦ કલાકે મહુવા પહોંચશે. આ ટ્રેન રાજુલા જંકશન, સાવરકુંડલા, લીલીયા મોટા, દામનગર, ઢસા, ધોળા, નિંગાળા, બોટાદ, ધંધુકા, ધોળકા, બાવળા, ગાંધીગ્રામ, અમદાવાદ, વડોદરા અને સુરત સ્ટેશને બંને દિશામાં ઉભી રહેશે. આ ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઇટની મુલાકાત લઈ શકે છે.

## દામનગરમાં ૧૩૫ વર્ષ જૂની સરકારી ઈમારતો ખંઢેર હાલતમાં

દામનગર, તા.૨૬

દામનગરમાં ૧૩૫ વર્ષ જૂની સરકારી ઈમારતો ખંઢેર હાલતમાં જોવા મળી રહી છે. પોલીસ સ્ટેશન, વહીવટદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીની હાલત છેલ્લાં ૧૦થી વધુ વર્ષથી જાળવણીના અભાવે ખંઢેર હાલતમાં છે. આ ત્રણેય જર્જરિત ઈમારતોને અસામાજિક તત્ત્વો બાનમાં લે



પહેલાં જિલ્લા સરકારી તંત્ર યોગ્ય નિરાકરણ લાવે અને લોક પ્રતિનિધિઓ આ મુદ્દાને ગંભીરતાથી લઈને યોગ્ય કાર્યવાહી કરે એવી માંગ ઉઠી છે.


















## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિવાળીના પર્વ પર 'વોકલ ફોર લોકલ'નું સુત્ર આપ્યું

# અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાએ શહેરના વેપારીઓ પાસેથી ખરીદી કરી

અમરેલી,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આખા દેશમાં તહેવારોને લઈને ઉત્સાહ છે. આગામી તહેવારો માટે હું દેશવાસીઓને અભિનંદન આપવા માંગુ છું. તેમણે કહ્યું કે દર વખતની જેમ આ વખતે પણ અમારા તહેવારોમાં અમારી પ્રાથમિકતા 'વોકલ ફોર લોકલ' હોવી જોઈએ અને સાથે મળીને એ સપનું પૂરું કરવું જોઈએ. અમારું સ્વપ્ન 'આત્મનિર્ભર ભારત' છે. 'મન કી બાત' કાર્યક્રમમાં PM મોદીએ કહ્યું કે, આજે ભારત વિશ્વનું સૌથી મોટું મેન્યુફેક્ચરિંગ હબ બની રહ્યું છે. ઘણી મોટી બ્રાન્ડ્સ અહીં તેમના પ્રોડક્ટનું ઉત્પાદન કરી રહી છે. જો આપણે તે ઉત્પાદનો અપનાવીએ તો મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન મળે છે. આ પણ 'વોકલ ફોર લોકલ' જ થવાનું છે. તેમણે પ્રોડક્ટ ખરીદતી વખતે UPIનો ઉપયોગ કરવાનું કહ્યું. તેને જીવનમાં આદત બનાવો. પ્રધાનમંત્રીની અપીલને મોટાભાગના દેશવાસીઓએ અપનાવી છે અને આગામી દિવાળીના પર્વ નિમિત્તે સ્થાનિક વેપારીઓ અને કારીગરો પાસેથી વસ્તુઓની ખરીદી કરીને પ્રધાનમંત્રીની અપીલને સાકાર કરી છે. વડાપ્રધાન



નરેન્દ્ર મોદીના સૂત્રને સાર્થક કરવા અમરેલીમાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયાએ અમરેલી શહેરમાં નવતર અભિગમ દર્શાવ્યો છે. અમરેલી શહેરની મુખ્ય બજાર ટાવર રોડ રાજકમલ ચોક વિવિધ બજારોમાં ખરીદી કરી વોકલ ફોર લોકલનો સંદેશ શહેરીજનોને આપ્યો હતો. ભાજપના કાર્યકરો સંગઠનના હોદ્દેદારો ધારાસભ્ય સાથે જોડાયા હતા. દિવાળીની ખરીદી સ્થાનિક બજારોમાંથી કરવા માટે ધારાસભ્યએ અપીલ કરી હતી. ધારાસભ્ય ડોર ટૂ ડોર નીકળતા શહેરના વેપારીઓ લારી ધારકોને પ્રોત્સાહન મળ્યું અને શહેરમાં ભારે ઉત્સાહ છવાયો હતો. સૌરાષ્ટ્રમાં ગઈ દિવાળીએ પ્રથમ અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાએ વોકલ ફોર લોકલ ખરીદી કરી હતી. ત્યારબાદ અન્ય ધારાસભ્યોએ શરૂઆત કરી હતી. આ દિવાળીમાં પ્રથમ અમરેલીના ધારાસભ્ય બજારોમાં ફરીવાર નાના વેપારીઓ પાસેથી સ્થાનિક ઉત્પાદનની ખરીદી કરવામાં આવી હતી. શહેરની અલગ અલગ બજારોમાં ધારાસભ્ય સાંજના સમયે નીકળી ખરીદી કરી અને વેપારીઓને રૂબરૂ મળી રહ્યા છે. જો કે પ્રધાનમંત્રીની અપીલને ધ્યાને લઈ લોકો સ્થાનિકો પાસેથી જ ખરીદી કરે તે જરૂરી છે જેથી નાના વેપારીઓ પણ પોતાના પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરી શકે.


## હજુ જો આ પ્રશ્નનું નિરાકરણ નહિ કરવામાં આવે તો આ આંદોલન વધુ આક્રમક થશે

# બગસરામાં સફાઈ કામદારો દ્વારા પગાર અને બોનસ મુદ્દે પાલિકા કચેરી ખાતે ધરણા

**સફાઈ કામગીરી બંધ કરાતા ઠેર ઠેર ગંદકીના ગંજ ખડકાયા**

બગસરા,તા.૨૬

બગસરા નગરપાલિકા દ્વારા સફાઈ કામદારોને એડવાન્સ પગાર તેમજ ગત વર્ષનું બોનસ ન અપાતા તેમણે પાલિકા કચેરીની બહાર ધરણા કર્યા હતા. શુક્રવારે તેમણે ચીમકી આપી હતી કે, શનિવાર સુધીમાં આમારા આ પ્રશ્નનું સમાધાન નહિ થાય તો સફાઈ કામગીરી બંધ કરાશે. પરંતુ પાલિકા દ્વારા તેમની માંગણીને ફગાવી દેતા સફાઈ કામદારોએ પાલિકા કચેરી ખાતે ધરણા કર્યા



હતા. બગસરા પાલિકામાં ઘણા સમયથી પગારના મુદ્દે અનેકવાર સફાઈ કામદારો દ્વારા આંદોલનો કરવામાં આવ્યા છે. હાલમાં દિવાળી જેવા તહેવારો આવી રહેલ છે ત્યારે પગાર અને બોનસની તમામ લોકોને આશા હોય છે ત્યારે પાલિકા દ્વારા આવા નાના માણસોને પગાર તેમજ બોનસ આપવામાં ન આવતા આજે પાલિકા કચેરી ખાતે વિરોધ કરવામાં આવ્યો હતો. અને હજુ જો આ પ્રશ્નનું સમાધાન નહિ કરવામાં આવે તો આ આંદોલન વધુ આક્રમક કરવામાં આવશે. જયારે બીજી તરફ દિવાળી નજીક હોવાથી વેપારીઓને ત્યાં ગંદકી જોવા મળતા તેમણે જાતે સફાઈ પણ કરી હતી અને ઠેર ઠેર ગંદકીના ગંજ પણ જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં સફાઈ કામદારો દ્વારા ઝડપથી તેની માગ સંતોષવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે.

# અમરેલીમાં લાયન્સ પુસ્તકાલય જ્ઞાન પરબનો લોકાર્પણ સમારોહ યોજાયો

અમરેલી,તા.૨૫

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા કુમાર પ્રાથમિક શાળા-જેસીંગપરા ખાતે આજે લાયન્સ પુસ્તકાલય જ્ઞાન પરબનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો.

આ તકે લાયન્સ પ્રમુખ રાજેશભાઈ વિઠ્ઠલાણી, દિનેશભાઈ ભુવા, કાંતીભાઈ વઘાસિયા, સ્કૂલના આચાર્ય મયુરભાઈ ગોહિલ સહિતના મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અને પ્રાસંગિક પ્રવચનો પણ થયેલ. નગરપાલિકાના સદસ્ય સંદીપભાઈ માંગરોળીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં ૨૬ અશક્ત પરિવારોને રાશનકિટનું વિતરણ

બગસરા,તા.૨૬

વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરાના ૨૬મા સ્થાપના દિન નિમિત્તે, સંસ્થા દ્વારા જરૂરીયાતમંદ પરિવારોને અનાજ કરિયાણાની કીટ ભેટ આપવાનો સંકલ્પ કરેલ. જેને સાકાર કરવા માટે સંસ્થાના શુભેચ્છક નટુભાઈ નાકરાણી કૃષ્ણ સેવા રથ અમદાવાદ, પીયૂષભાઈ શાહ અમરેલી, ભીમજીભાઈ નાકરાણી અમદાવાદ, સીનીયર સીટીઝન પરિવાર બગસરા, ડો. મયુરભાઈ ગોંડલિયા અમરેલી, કિશોરભાઈ હિરાણી બગસરા, નિરૂપમાબેન વૈષ્ણવ, પાઠક વિગેરેના સહયોગથી સંસ્થાના



કાર્યકરોએ વિવિધ વિસ્તારોના ૨૬ નિરાધાર અશક્ત, ગરીબ લોકોને અનાજ કરિયાણાની કીટનુ વિતરણ કર્યુ હતુ. દિવાળીના તહેવારો પૂર્વે એક સારા કામમાં ભગવાને સૌને નિમિતરૂપ થવાનો અવસર આપ્યો એનો સહિયારો આનંદ વ્યક્ત કરાયો હતો તેમ દેવચંદ સાવલિયાએ જણાવ્યું હતુ. વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા અનેકવિધ સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યાં છે.

## અવસાન નોંધ

**અમરેલી**

ગં.સ્વ.પ્રફુલાબેન નરેન્દ્રભાઈ ભટ્ટ (ઉ.વ.૭૫)નું તા.૨૬/૧૦/૨૦૨૪ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તે ધર્મેન્દ્રભાઈ અને.ભટ્ટ, કેતનભાઈ એન.ભટ્ટ અને ગાયત્રીબેન ચેતનકુમાર ત્રિવેદીના માતૃશ્રી થાય છે. તેમનું બેસણુ તા.૨૮/૧૦/૨૪ને સોમવારના રોજ સાંજે ૩:૦૦ થી ૬:૦૦ કલાકે મહાજન પાર્ટી પ્લોટ, ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

**અમરેલી**

સ્વ.કિશોરચંદ્ર પ્રભાશંકર ભટ્ટ (ઉ.વ.૮૯)નો તા.૨૪/૧૦/૨૦૨૪ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તે કીર્તીકુમાર, પ્રતિમાબેન હસમુખરાય દેસાઈ, સ્વ.હિતેન્દ્રભાઈ તથા રાજેન્દ્રપ્રસાદ પિતાશ્રી અને લાલબહાદુર, દેવેન્દ્ર, ચિરાગ અને વૈશાખી, જાહ્નવીના દાદા થાય છે.

**રાજકોટ**

સ્વ.રાજેન્દ્રભાઈ રાઘવભાઈ ભટ્ટી (ઉ.વ.)નું તા.૨૪/૧૦/૨૦૨૪ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે જીતેન્દ્રભાઈના મોટાભાઈ, કૃણાલભાઈના પિતાશ્રી, વેદાંતભાઈના ભાઈજી, નિલેશકુમાર સોલંકીના સસરા થાય છે.

**દામનગર**

સ્વ. તુષારભાઈ અનંતરાય જોષી (ઉ.વ. ૪૮) તા.૨૫/૧૦/૨૪ ને શુક્રવારના રોજ કૈલાસવાસી થયેલ છે. તે જયોતિબેન ભરતભાઈ ધરદેવ અને કાજલબેન મિલાપભાઈ જોષીના ભાઈ તથા કોમલબેન ધાર્મિકભાઈ ધરદેવ વિધિબેન તેમજ રીયાબેનના પિતાશ્રી થાય છે.


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટ્સ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીની કોઇ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનું)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299/- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧ અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨ સરદાર કોમ્પ્લેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo. 98242 65665


**-//મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં//-**

નં.મરણ નોંધણી/અરજી નં.૪૮/૨૦૨૪

અરજદારશ્રી..... ૧. રાજાભાઈ રાણાભાઈ ગંગલ
રહે. ગોકુલધામ સોસાયટી, ઉટીયાદ્રા રોડ, કોસંબો
તા.માંગરોળ જિ.સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા......૧. તલાટી કમ મંત્રીશ્રી અભરામપરા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

**જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, **અરજદારશ્રીના પિતા રાણાભાઈ બેચરભાઈ ગંગલ નું મરણ તા.૧૯/૦૭/૧૯૭૨ ના રોજ મું.અભરામપરા તા.સાવરકુંડલા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતનાં રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સહી,
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા**


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ગ્રામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

### સોમવારે પ્રધાનમંત્રી લાઠીના દુધાળા ગામે ભારત માતા સરોવરનું ઉદ્‌ઘાટન કરવા આવનાર હોવાથી

# અમરેલી જિલ્લામાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત

**૮ એસ.પી.,૧૮ ડીવાયએસપી, ૪૦ પીઆઈ,૧૦૦ પીએસઆઈ અને ૨૦૦૦ પોલીસ કર્મીઓ હાજર રહેશે**

અમરેલી,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમરેલી જિલ્લામાં ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. તેઓ અમરેલી જિલ્લાની ગાગડિયો નદી પર ૩૫ કરોડના ખર્ચે નિર્મિત ભારત માતા સરોવરનું લોકાર્પણ કરશે. આ સાથે જ તેઓ, જળસંચય વિભાગ હેઠળ ૨૦ કરોડના પિટ રિચાર્જ, બોર રિચાર્જ, અને કૂવા રિચાર્જના ૧૦૦૦ કામોનું ખાતમુહૂર્ત અને ૫૯૦ કામોનું લોકાર્પણ પણ કરશે. તેઓ ૨૮૦૦ કરોડથી વધુના નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયાના વિવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

વધુમાં ૧૦૯૪ કરોડના ખર્ચે રેલવે વિભાગ હેઠળ ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કરશે. તેઓ પાણી પુરવઠા વિભાગના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ વિકાસકાર્યોમાં બોટાદ જિલ્લા માટે નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈનનું લોકાર્પણ તેમજ ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની પસવી જૂથ ઓગમેન્ટેશન પાણી પુરવઠા યોજના ભાગ-૨ના કામોના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈન પ્રોજેક્ટ પૂર્ણ થવાથી બોટાદ, અમરેલી, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાના ૧૨૯૮ ગામો અને ૩૬ શહેરોના લગભગ ૬૭ લાખ લાભાર્થીઓને વધારાનું ૨૮ કરોડ લીટર પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જ્યારે ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની સ્કીમો હેઠળ જિલ્લાના મહુવા, તળાજા અને પાલીતાણા તાલુકાના ૯૫ ગામોને આવરી લેવામાં આવ્યા છે, જેની વસ્તી લગભગ ૨.૭૫ લાખ લોકોની છે. જેમાં અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામે ભારત માતા સરોવરના ઉદ્‌ઘાટનની સાથે કરોડો રૂપિયાના વિકાસના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. પ્રધાનમંત્રીના આગમનને લઈ અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી મોદી સોમવારે ગુજરાતના પ્રવાસે હોય ત્યારે બપોર બાદ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામે ભારતમાતા સરોવરનું ઉદ્‌ઘાટન કરશે તેમજ જનસભાને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રીના આગમનને લઈ જિલ્લા વહીવટી તંત્રની સાથે પોલીસ તંત્રમાં દોડધામ જોવા મળી રહી છે. જિલ્લા પોલીસ દ્વારા પ્રધાનમંત્રીના આગમનથી લઈને જે જે સ્થળે જવાના છે તે તમામ સ્થળોનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યુ છે. પ્રધાનમંત્રીની સુરક્ષામાં રેન્જ આઈજી સહિત ૮ એસ.પી., ૧૮ ડીવાયએસપી, ૪૦ પીઆઈ, ૧૦૦ પીએસઆઈ અને ૨૦૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ હાજર રહેશે. આમ, પ્રધાનમંત્રીના આગમનને લઈ જિલ્લા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## ધારીના વાઘવડી ગામે પડકું કરડતાં પરિણીતાનું સારવારમાં મોત

ચલાલા, તા.૨૬

અમરેલી જિલ્લામાં અનેક પરપ્રાંતીયો રોજીરોટીની તલાશમાં આવી વસવાટ કરે છે. સીઝન પૂર્ણ થતાં વતન પરત ફરી જાય છે, જોકે ક્યારેક તેમની સાથે આજીવન ન ભૂલી શકાય તેવી ઘટના બને છે. ધારીના વાઘવડી ગામે વાડીએ રહેતી એક પરિણીતાને પડકું કરડતાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યાં તેનું મોત થયું હતું. બનાવ અંગ મૂળ જૂનાગઢના વિસાવદરના હસનાપુરના અને હાલ વાઘવડી ગામે પ્રતાપભાઈ બચુભાઈ વાળાની વાડીએ રહેતા બાબુભાઈ દેવરાજભાઈ વાઘેલા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની હંસાબેન (ઉ.વ.૫૦)ને ત્રણ દિવસ પહેલાં રાત્રે એક વાગ્યા આસપાસ હાથમાં ઝેરી પડકું કરડતાં સારવાર અર્થે લઈ જવાયા હતા. જ્યાં તેનું મોત થયું હતું. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવીભાઈ ખોડાભાઈ બગડા વધુ તપાસ કરી રહ્યા છે

## સરદાર પટેલ જન્મ જયંતિએ મોટી કુંકાવાવ ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા.૨૬

આગામી તારીખ ૩૧ ઓકટોબરનાં રોજ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯મી જન્મ જયંતિ હોય ત્યારે પાટીદાર પટેલ ગૃપ દ્વારા મોટી કુંકાવાવ ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજાશે. તા.૩૧નાં રોજ સવારનાં ૮ કલાકે લેઉવા પટેલ સમાજની વાડી ખાતે યોજાનાર કાર્યક્રમની રૂપરેખા જોઈએ તો સરદાર પટેલની મૂર્તિનું અનાવરણ પૂ. ગોબરભાઈ ભગત કાછડીયા, જાદવભાઈ શામજીભાઈ સોરઠીયા, કીશોરભાઈ પરસોતમભાઈ વોરા, નિલેષભાઈ ગોપાલભાઈ પટેલ, જગદીશભાઈ રવજીભાઈ કુનડીયા, કીશોરભાઈ ગોબરભાઈ કાછડીયાના હસ્તે કરવામાં આવશે. ત્યારબાદ સરદાર સાહેબની પ્રતિમાને ફૂલહાર કરી મા ખોડલની આરતી કરવામાં આવશે. સ્વાગત ગીત રજૂ કર્યા બાદ લેઉવા પટેલ સમાજનાં દાતાઓનું સન્માન કરવામાં આવશે. અંતમાં હાજર રહેલા મહાનુભાવોનાં વકતવ્યો સાંભળવા મળશે. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંધાડ, પરેશભાઈ ધાનાણી, વિરજીભાઈ ઠુંમર, જેનીબેન ઠુંમર, ખોડલધામ ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, અમરેલી જિલ્લા ખોડલધામ કન્વીનર સુરેશભાઈ દેસાઈ, સૌરાષ્ટ્ર ઝોનનાં કન્વીનર રમેશભાઈ કાથરોટીયા, ખોડલધામ અમરેલી જિલ્લા સમિતિ હાજર રહેશે. આ કાર્યક્રમમાં પધારવા કેતનભાઈ દેસાઈ, લાલભાઈ મુલાણી અને પ્રદિપભાઈ આસોદરીયા સહિત પાટીદાર પટેલ ગૃપ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## વેસ્ટમાંથી બેસ્ટ : વીજપડીના કલાકાર ઘનશ્યામભાઈની અનોખી સર્જનાત્મકતા



સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામમાં એક અનોખી કલા પ્રતિભા ઝળહળી રહી છે. મેઈન બજારમાં સ્થિત ઘનશ્યામ બુક સ્ટોર ચલાવતા ઘનશ્યામભાઈ પોપટભાઈ ડોડીયા માત્ર વેપારી નહીં, પણ એક કુશળ કલાકાર પણ છે. તેમની વિશેષતા છે નકામી વસ્તુઓમાંથી કલાત્મક સર્જન કરવાની. ઘનશ્યામભાઈની કલાયાત્રામાં સૌથી નોંધપાત્ર છે તેમની મૂર્તિ કલા. પથ્થરની શિલા પર મીણથી મૂર્તિઓ કંડારવાની તેમની આવડત દર્શકોને મંત્રમુગ્ધ કરી દે છે. આજ સુધીમાં તેમણે ૨૦૦થી ૨૫૦ જેટલી હસ્તકલાકૃતિઓ બનાવી છે, જે તેમની અથાગ મહેનત અને કલાપ્રેમનું પ્રતીક છે.

## સાવરકુંડલાના શેલણા ગામે પૂજારીના ઘરમાંથી રૂા.૪૯,૧૦૦ના મુદ્દામાલની ચોરી

**તસ્કરોએ બે રહેણાંક મકાનને નિશાન બનાવ્યા**

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા પંથકમાં ઠંડીની શરૂઆત સાથે જ નિશાચરો સક્રિય થયા છે. શેલણા ગામે પૂજારીના ઘરમાં ત્રાટકેલા ચોર ઈસમો રૂ. ૪૯,૧૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે શેલણા ગામે રહેતા શરદભારથી બાલાભારથી ગૌસ્વામી (ઉ.વ.૪૩) એ ભંગારની ફેરી કરતા અને પાલીતાણામાં રહેતા શ્યામભાઈ ઉર્ફે શંભુભાઈ અતુભાઈ પટેલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના રહેણાંક ઘરના કબાટમાં રાખેલા રોકડા રૂ.૪૩,૮૦૦, પગમાં પહેરવાના કતવડાની જોડી. તુલસી ક્યારો, ચાંદીની ગાય તથા સાહેદ સામતભાઈ પ્રેમજીભાઈ બગડાના રહેણાંક મકાનેથી કબાટમાંથી રોકડા ૮૦૦, ચાંદીના છડા મળી કુલ રૂ.૪૯,૧૦૦ ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વંડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી ડી ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

## વડીયાના ખજુરી ગામે થ્રેસરમાં હાથ આવી જતાં ખભાથી કપાઈ ગયો

**યુવકને વધુ સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો**

વડીયા, તા.૨૬

વડીયા ખજુરી ગામે મગફળી કાઢવાના થ્રેસરમાં હાથ આવી જતાં ખભાથી કપાઈ ગયો હતો. જેને લઈ યુવકને સારવાર અર્થે લઈ જવાયો હતો.બનાવ અંગે બાવાભાઈ રાઘવભાઈ લીંબાસીયા (ઉ.વ.૬૮)એ જાહેર કર્યા મુજબ, તેમની વાડીમાં મગફળીનું વાવેતર કર્યુ હતું અને થ્રેસરમાં નાંખીને કાઢતા હતા. મગફળી થ્રેસરમાં નાખીને કાઢતા હતા તે સમયે ભોગ બનનારનો ડાબો હાથ તેમાં ફસાઈ જતાં ખભાથી છુટો પડી ગયો હતો. હાલ તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી પી ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

## 'ગાડી આગળ લઈ લો મારે અંદર જવું છે, કહેતા બોલાચાલી કરી લાકડાનો ઘા માર્યો

**જાફરાબાદના મીઠાપુર ગામે વાડી વિસ્તારનો બનાવ**

જાફરાબાદ, તા.૨૬

જાફરાબાદના મીઠાપુર ગામે વાડી વિસ્તારમાં એક યુવકે ગાડી આગળ લઈ લો, મારે અંદર જવું છે કહેતા ઉશ્કેરાઈને તેની સાથે બોલાચાલી કરી લાકડાનો ઘા મારવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે રામકુભાઈ પ્રેમજીભાઈ પરમાર (ઉ.વ.૩૦) એ નાગેશ્રીમાં રહેતા રામજીભાઈ જાદવભાઈ સાંખટ, કીશનભાઈ જાદવભાઈ સાંખટ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અઠવાડિયા પહેલા તેઓ તથા તેના પત્ની પોતાની મીઠાપુર વાડી વિસ્તારમાં ભાગવી રાખેલી વાડીએ મોટર સાયકલ લઈને જતા હતા. એ વખતે વાડીના છીંડા પાસે પહોંચતા આરોપીઓ મોટર સાયકલ લઈને સામે મળ્યા હતા. જેથી તેમણે ગાડી આગળ લઈ લો, મારે અંદર જવુ છે તેમ કહેતા આરોપીએ ઉશ્કેરાઈને તેમની સાથે બોલાચાલી કરી માથાના ભાગે બાવળના લાકડાનો એક ઘા મારી ઈજા પહોંચાડી હતી. તેમજ ગાળો આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી એમ મેવાડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૭૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૫૮૧ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૫૬૮ | ૬૨૨ |
| જુવાર સફેદ | ૬૨૦ | ૭૪૩ |
| જુવાર લાલ | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર પીળી | ૩૦૦ | ૪૩૫ |
| બાજરી | ૩૯૨ | ૪૮૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૯૭૫ |
| ચણા પીળા | ૧૧૫૦ | ૧૩૭૦ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૮૬૦ |
| અડદ | ૧૨૪૦ | ૧૭૩૫ |
| મગ | ૧૦૫૦ | ૧૫૨૦ |
| વાલ દેશી | ૧૩૦૦ | ૧૬૭૫ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૫૧૦ |
| મગફળી જાડી | ૯૬૦ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૨૦૫ |
| તલી | ૨૫૧ | ૨૬૧૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૬૧ |
| અજમો | ૧૬૨૦ | ૨૩૮૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૭૫ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૨૮૦૦ | ૩૭૧૫ |
| લસણ | ૪૦૦ | ૫૮૨૦ |
| ધાણા | ૧૧૬૦ | ૧૪૯૦ |
| ધાણી | ૧૩૫૫ | ૧૮૧૮ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૩૧૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૬૭૫ |
| રાય | ૧૧૦૦ | ૧૩૪૭ |
| મેથી | ૧૦૪૦ | ૧૨૮૦ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૪૦ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૪૯૫૦ |
| ગુવારનું બી | ૯૪૦ | ૯૭૨ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| બટેટા | ૩૦૦ | ૭૨૦ |
| ડુંગળી સુકી | ૧૭૫ | ૮૨૦ |
| ટમેટા | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૧૫૦૦ | ૨૫૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૯૫૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવળ | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૫૦ |
| ગલકા | ૪૬૦ | ૮૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| મરચા લીલા | ૨૫૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૩૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૩૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૩૦ | ૫૫૦ |
| રીંગણાં | ૮૦૦ | ૧૦૦૦ |
| ફુલાવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૭૦૦ | ૯૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દૂધી | ૫૦૦ | ૬૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મૂળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૫૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચોળાલીલાં | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૯૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૧૫૦૦ | ૨૨૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૯૦૦ |
| ફુદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| શીંગઓળા | ૭૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચા લાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૮૦૦ |
| નવી ડુંગળી | ૩૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૧૦ | ૧૨૭૦ |
| શિંગ મોટી | ૭૪૧ | ૧૨૫૧ |
| શિંગ ફાડા | ૧૦૫૦ | ૧૨૬૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૮૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૪૦૦૦ |
| તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૨૯૪ |
| બાજરો | ૫૧૬ | ૬૦૨ |
| ઘઉં ટુકડા | ૫૨૮ | ૭૦૨ |
| ઘઉં લોકવન | ૫૦૮ | ૬૪૫ |
| ચણા | ૬૮૦ | ૧૪૦૮ |
| એરંડા | ૧૧૨૦ | ૧૨૩૧ |
| જીરૂ | ૩૧૦૦ | ૪૫૦૦ |
| કપાસ | ૮૦૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૮૯ |
| રજકાનું બી | ૩૪૦૦ | ૫૫૫૦ |
| કાંગ | ૭૯૫ | ૭૯૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૩૯૦ | ૧૬૧૪ |
| કપાસ કોડી | ૧૦૭૦ | ૧૨૭૦ |
| મગફળી નવી | ૯૫૯ | ૧૧૫૧ |
| મગ | ૧૩૩૦ | ૧૬૮૦ |
| અડદ | ૧૨૧૦ | ૧૫૪૦ |
| ઘઉં | ૫૦૨ | ૬૦૮ |
| તલ સફેદ | ૨૦૪૦ | ૨૨૯૦ |
| જીરૂ | ૪૦૩૦ | ૪૪૫૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૨૭ | ૧૫૫૧ |
| કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૮૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૭૨૫ | ૧૦૪૨ |
| શીંગ મોટી | ૮૫૦ | ૧૧૫૨ |
| તલ સફેદ | ૨૧૧૦ | ૨૩૨૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૩૪૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૬૧ |
| ઘઉં લોકવન | ૫૫૨ | ૬૬૮ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૭૨૮ |
| બાજરો | ૪૫૦ | ૫૪૪ |
| જુવાર | ૫૫૦ | ૭૪૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ચણા | ૮૦૦ | ૧૫૬૮ |
| સોયાબીન | ૬૫૧ | ૮૪૩ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૫૧ |
| મગફળી | ૭૮૩ | ૯૪૧ |
| અડદ | ૧૩૧૩ | ૧૩૧૩ |
| કાળા તલ | ૩૫૫૦ | ૩૫૫૦ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૬૫ | ૭૫૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૮૦૦ | ૧૧૭૭ |
| મગફળી ૩૨ નં. | ૭૫૦ | ૧૧૦૦ |
| બાજરી | ૪૫૦ | ૫૬૮ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૯ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૬ |
| સોયાબીન | ૬૮૬ | ૮૭૬ |
| જુવાર | ૬૮૦ | ૮૦૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૬૯૮ |
| ડાંગર | ૬૦૦ | ૭૯૬ |
| રજકો | ૩૦૦૦ | ૪૭૭૫ |
| કપાસ | ૯૧૦ | ૧૪૫૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૫૫૦ | ૭૩૫ |
| તલ સફેદ | ૨૦૩૬ | ૨૪૦૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| બાજરો | ૪૮૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૩ |
| જુવાર | ૭૦૭ | ૭૬૧ |
| મગ | ૧૨૫૦ | ૧૩૦૦ |
| અડદ | ૯૭૧ | ૧૪૫૦ |
| ચણા | ૧૩૫૧ | ૧૩૫૧ |
| જીરૂ | ૩૮૩૮ | ૩૮૩૮ |
| સોયાબીન | ૭૧૧ | ૭૭૯ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૫ |
| તલ | ૧૫૦૦ | ૨૦૧૫ |
| ચણા | ૯૪૦ | ૧૧૨૫ |
| સોયાબીન | ૫૨૩ | ૮૦૧ |
| સિંગદાણા | ૯૦૦ | ૯૦૦ |
| અડદ | ૧૧૩૫ | ૧૩૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૮૦૦ | ૧૬૦૫ |
| બાજરો | ૧૬૦ | ૫૪૫ |
| ઘઉં | ૪૭૨ | ૬૪૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૧૦ |
| ચોળી | ૨૩૦૦ | ૩૦૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૨૦૨૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૨૫ |
| એરંડા | ૧૦૯૫ | ૧૨૫૬ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૨૫ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૨૫ |
| લસણ | ૨૨૦૦ | ૬૦૦૦ |
| જીરૂ | ૩૧૦૫ | ૪૫૭૫ |
| અજમો | ૨૨૪૦ | ૨૮૨૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી સૂકી | ૨૨૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૦૦ |
| રાજમા | ૭૦૦ | ૧૦૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૬૪ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૭૦ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૨૨૬ |
| સિંગદાણા જાડા | ૧૧૦૭ | ૧૩૬૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૨૭૧ |
| એરંડા / એરંડી | ૧૧૬૧ | ૧૨૫૬ |
| તલ કાળા | ૩૦૨૬ | ૩૮૨૧ |
| જીરૂ | ૩૧૫૧ | ૪૮૦૧ |
| વરીયાળી | ૧૧૭૬ | ૧૨૨૬ |
| ધાણા | ૯૦૦ | ૧૫૦૧ |
| લસણ સુકું | ૧૭૯૧ | ૫૫૦૧ |
| ડુંગળી લાલ | ૧૯૬ | ૯૨૧ |
| અડદ | ૧૦૨૧ | ૧૮૮૧ |
| તુવેર | ૧૪૭૬ | ૨૧૦૧ |
| રાય | ૧૦૦૧ | ૧૦૦૧ |
| મગફળી જાડી | ૬૨૧ | ૧૨૨૧ |
| સફેદ ચણા | ૧૩૦૧ | ૨૮૪૧ |
| મગફળી ૬૬ | ૭૫૦ | ૧૮૨૬ |
| તલ - તલી | ૨૦૫૧ | ૨૫૪૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૫૨૧ |
| બાજરો | ૪૬૧ | ૪૬૧ |
| જુવાર | ૪૧૧ | ૪૩૧ |
| મગ | ૧૨૫૧ | ૧૬૪૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૩૪૬ |
| વાલ | ૮૫૧ | ૧૭૨૬ |
| સોયાબીન | ૬૫૧ | ૯૦૧ |
| ગોગળી | ૭૯૦ | ૮૮૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૪૧૦ | ૧૧૦૦ |
| મગફળી | ૭૫૦ | ૭૫૦ |
| અડદ | ૮૦૦ | ૮૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૦ | ૧૫૯૧ |
| ઘઉં | ૪૫૦ | ૬૦૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૦૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૫૦ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૦૫૦ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૨૩૬૦ |

# મોદી સરકારની ત્રીજી અવધિમાં આંતરિક સુરક્ષાનો મોટો પડકાર

વિચાર વલોણું
જયવંત પંડ્યા



વિતેલાં દસ વર્ષમાં મોદી સરકારની સૌથી મોટી સિદ્ધિ પૈકીની એક ગણાવવી હોય તો તે એ કે દેશની અંદર ત્રાસવાદી બૉમ્બ ધડાકા બંધ થઈ ગયા. એનઆઈએના દરોડા કેટલા પડ્યા અને તેમાં કેટલા પકડાયા તે સમાચારને કોઈ મીડિયા ખાસ મહત્ત્વ આપતું નથી, પરંતુ આ કાર્યવાહીના કારણે દસ વર્ષમાં એકંદરે શાંતિ રહી. જોકે, જમ્મુ-કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ હટ્યા પછી ત્યાં બહારના હિન્દુ શ્રમિકોને ગોળીએ વિંધવાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું છે.

ગત ઑગસ્ટથી રેલવે ટ્રેક પર ગેસ સિલિન્ડરથી માંડીને સિમેન્ટના બ્લૉક વગેરે મળી આવવા અને સાબરમતી ઍક્સ્પ્રેસનો ૨૦૦૨ જેવો કાંડ ફરીથી કરવો, કાનપુર પાસે એકથી વધુ વાર આવી દુર્ઘટના સર્જવા પ્રયાસ કરવો, સુરતમાં પ્રયાસ કરવો, આ બતાવે છે કે પરિસ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે. તેમાં સુરત જેવા એકાદા કેસમાં રેલવે કર્મચારી પોતાના પ્રમૉશન માટે પોતે જ આવું કરે તેમાં મોદી વિરોધમાં કેટલાક મીડિયા ખુશ થઈ જાય કે આતંકી તો રેલવે કર્મચારી નીકળ્યો પરંતુ બીજા બધા કિસ્સામાં જ્યારે સમુદાય વિશેષના લોકો અપરાધી નીકળે છે ત્યારે એ સમાચાર એક કૉલમના બની જાય છે અને તેમાં નામ પણ છુપાવી દેવામાં આવે છે.

બીજી તરફ, તાજેતરમાં દિલ્લીમાં સીઆરપીએફની શાળા પાસે બૉમ્બ ધડાકો થયો. એ તો સારું થયું કે તે દિવસે રવિવાર હતો અને તેથી રજા હતી. પરંતુ આ ધડાકો એક-બે કિલોમીટર સુધીના વિસ્તારમાં લોકોને સંભળાયો હતો. આસપાસના ભવનોની બારીઓના કાચ તૂટી ગયા હતા, તેટલો ભીષણ ધડાકો હતો. સડકની બીજી તરફ લાગેલા સીસીટીવીના કેમેરા પણ હલી ગયા હતા.

ટ્રેન, જમીન પછી હવામાં ધમકી. જે રવિવારે દિલ્લીમાં સીઆરપીએફની શાળા પાસે બૉમ્બ ધડાકો થયો તે જ દિવસે ૨૪ વિમાનોને ધમકી મળી કે તેમાં બૉમ્બ છે. ૨૪માંથી ૨૪ વિમાનોને તરત જ જમીન પર ઉતારવામાં આવ્યાં. શોધ કરવામાં આવી પરંતુ મળ્યું કંઈ નહીં. આટલી બધી ધમકીઓ એક સાથે મળવી તે દેશના ઇતિહાસમાં પહેલી વાર બની રહ્યું છે. ૨૨ ઑક્ટોબરના હિસાબે ગણીએ તો તે પહેલાંના ૧૧ દિવસમાં ૨૫૦ વિમાનોમાં બૉમ્બની ધમકી મળી. એક પણ એવી ઍરલાઇન્સ નથી જેને બૉમ્બની ધમકી ન મળી હોય. ઍર ઇન્ડિયા, ઇન્ડિગો, વિસ્તારા, સ્પાઇસ જેટ, અકાસા ઍર, સ્ટાર ઍર અને એલાયન્સ ઍર એટલે લગભગ બધી જ ઍરલાઇન્સ સેવાઓને આવી ધમકી મળી ચૂકી છે. આ ધમકીઓના કારણે અનેક ઉડાનોને ડાઇવર્ટ કરવી પડી, અનેકને જમીન પર ઉતારી તેમાં તપાસ કરવી પડી, અનેક ઉડાનો મોડી પડી અને કેટલીક તો નિરસ્ત કરવી પડી. પરંતુ એકેય વિમાનમાંથી બૉમ્બ મળ્યો નથી.

આની અસર શું થાય તે કલ્પી શકો છો?

એક વાર બૉમ્બની ધમકી મળે તો સુરક્ષા કર્મચારીઓ, વિમાનના કર્મચારીઓ સાવધ થઈ જાય. પરંતુ વારંવાર અને ઉપરાઉપરી આવી ધમકી મળે તો તે લોકો પણ કંટાળે. અને અત્યાર સુધી આમાં કંઈ નથી નીકળ્યું એટલે કેટલાક કર્મચારીઓ એમ માનવાના કે હવે પણ કંઈ નહીં નીકળે. અને આવી જ કોઈ તકનો લાભ દેશના શત્રુઓ લેવાની તૈયારીમાં હોય. અથવા તો એવું પણ બને કે ધમકીઓ હવામાં મળતી રહે એટલે કે વિમાનો સંદર્ભે અને ખરેખર મોટું આક્રમણ ક્યાંક બીજે જ થઈ જાય. આવી ધમકીઓથી જે કંપનીઓ ચીનથી ભારતમાં આવવા માગે છે તે અહીં સુરક્ષાની દૃષ્ટિએ ત્રાસી જાય. કારણકે કોઈ પણ દેશમાં જ્યારે આંતરિક સુરક્ષા જોખમમાં હોય ત્યારે વેપાર અને મૂડીરોકાણ આવતા નથી. આવ્યા હોય તો પણ પાછા ચાલ્યા જાય છે.



અત્યારે લોકો મોટી સંખ્યામાં પોતાની ફ્લાઇટની ટિકિટો રદ કરાવી રહ્યા છે. સૌથી મોટી અસર ભારતની અંદરની ઍરલાઇન્સ પર પડી છે. બૉમ્બની ધમકી ભારતીય ઍરલાઇન્સોને જ મળી છે તેથી ઘણા લોકો વિદેશ જવા માટે પણ ભારતીય ઍરલાઇન્સના બદલે વિદેશી ઍરલાઇન્સની ટિકિટ કરાવી રહ્યા છે. આ બધું તહેવારોના ગાળામાં થઈ રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ૨૦૪૭ વર્ષ સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવાનું સપનું છે અને પાંચમા ક્રમથી ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનાવવાનો શુભ આશય પણ છે. તે જોતાં ભારત વિરોધી તત્વો વેપાર અને મૂડીરોકાણ પાછાં ચાલ્યા જાય તે માટે આંતરિક સુરક્ષાને રેલવે, વિમાન અને સુરક્ષા કરતાં દળો – સીઆરપીએફની શાળા આગળ જ ધડાકો કરીને પડકારી રહ્યા છે.

વિમાનમાં અત્યાર સુધી બૉમ્બ હોવાની ધમકીના જે કૉલ આવ્યા તેમાંના ૯૦ ટકા કૉલ કે મેસેજ વિદેશથી આવ્યા છે. માત્ર દસ ટકા કૉલ કે મેસેજ જ ભારતથી આવ્યા છે. આમાં હજુ વધુ સ્પષ્ટીકરણ નથી આવ્યું કે ૯૦ ટકા કૉલ કે ધમકી વિદેશથી આવી છે તેમાં કયા-કયા દેશમાંથી છે. અત્યારે અમેરિકા અને કેનેડા ભારતની વિરુદ્ધ આદુ ખાઈને પાછળ પડી ગયા છે. આવા સંજોગોમાં બની શકે કે અમેરિકાના સંકેત પર આ બધું થઈ રહ્યું હોય કેમ કે અમેરિકામાં બેઠેલો શીખ ફૉર જસ્ટિસ સંગઠનનો ગુરપતવંતસિંહ પન્નુએ ધમકી આપી છે કે શીખોને કૉંગ્રેસીઓએ તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીની હત્યા પછી દોડાવી-દોડાવીને મારી નાખ્યા હતા તેનાં ૪૦ વર્ષ પૂરા થવાંનાં છે. તો ઍર ઇન્ડિયાની ફ્લાઇટ પર આક્રમણ થઈ શકે છે. પન્નુએ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને ૧થી ૧૯ નવેમ્બર સુધી ઍર ઇન્ડિયામાં પ્રવાસ ન કરવા અનુરોધ કર્યો છે.

આ પન્નુ સીઆરપીએફની શાળાઓને 'આતંકવાદી શાળા' પણ ગણાવે છે. તેણે સીઆરપીએફના અધિકારીઓને કહ્યું છે કે તેઓ સાવધ થઈ જાય. ૨૬ નવેમ્બરે માબાપ તેમનાં બાળકોને સીઆરપીએફની શાળામાં ન મોકલે. કેનેડામાં માર્યા ગયેલા ખાલિસ્તાની ત્રાસવાદી હરદીપસિંહ નિજ્જરને પન્નુ 'શહીદ' ગણાવે છે!

વડાપ્રધાન મોદી જ્યારે બ્રિક્સ સંમેલનમાં ભાગ લેવા રશિયા પહોંચ્યા ત્યારે જ અમેરિકાએ કહ્યું કે ભારતે અમારી સાથે પન્નુની હત્યાના ષડયંત્ર અંગે માહિતીનું આદાન-પ્રદાન તો કર્યું પરંતુ હજુ સાર્થક જવાબદેહી નક્કી નથી થઈ શકી અને એ નહીં થાય ત્યાં સુધી અમે સંતુષ્ટ નહીં થઈએ.

જેને ભારતે ત્રાસવાદી જાહેર કર્યો છે, જે અમેરિકામાં બેઠાં-બેઠાં ભારતની ફ્લાઇટને ઉડાવવા, સીઆરપીએફની શાળાઓને ઉડાવવા ધમકી આપે છે તે ગુરપતવંતસિંહ પન્નુ પ્રત્યેનો અમેરિકાનો પ્રેમ તો જુઓ! એમ મનાય છે કે અમેરિકાનો આ પન્નુ પ્રેમ અને ભારત વિરોધ ડેમોક્રેટિક બાઇડેન રાષ્ટ્રપ્રમુખ પદે છે ત્યાં સુધી જ છે. નવેમ્બરની ચૂંટણીમાં એવી પૂરી સંભાવના છે કે ડૉનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપ્રમુખ તરીકે પાછા ચૂંટાઈ આવશે. જો આવું થશે તો અમેરિકાની નીતિ બદલાશે. બાઇડેન ૨૦૨૦માં પ્રમુખ બન્યા ત્યારથી અમેરિકાની ભારત વિરોધી નીતિ વધી ગઈ હતી. ભારતને કોરોના રસી બનાવવા માટે કાચી સામગ્રી જોઈતી હતી તે બાઇડેન સરકારે આપવામાં શરૂઆતમાં ભારે આનાકાની કરી હતી, પછી ભારતે કોઈક રીતે હાથ કે કાન આમળ્યો ત્યારે આ કાચી સામગ્રી મળી. ત્યાર પછી ભારતમાં ખેડૂત આંદોલનના નામે તેમાં ખાલિસ્તાની અને અર્બન નક્સલ તરફી લોકો ભળ્યા અને ૨૦૨૪ આવતાં સુધીમાં પૂરો પ્રયત્ન અમેરિકાના બાઇડેન તંત્રએ કર્યો કે લોકસભા ચૂંટણીમાં મોદી સરકારનું પુનરાગમન ન થાય. ઇવન, પન્નુની હત્યાના ષડયંત્રમાં ભારતના સુરક્ષા સલાહકાર અજિત દોભાલને અમેરિકી ન્યાયાલયે સમન્સ પાઠવ્યું!

અમેરિકામાં જેમ ડેમોક્રેટની લેફ્ટ-લિબરલ સરકાર છે તેમ કેનેડામાં પણ જસ્ટિન ટ્રુડૉની લેફ્ટ-લિબરલ સરકાર જ છે. જસ્ટિન ટ્રુડૉ પોતાની સરકાર બચાવવા અને અમેરિકાના ડેમોક્રેટના વહાલા થવા ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યા માટે ભારતને ઉત્તરદાયી સંસદમાં ઠેરવી રહ્યા છે પરંતુ તેઓ આ સંદર્ભે કોઈ પુરાવો રજૂ કરી શક્યા નથી. કેનેડામાં હિન્દુ મંદિરો પર આક્રમણો વધી ગયાં છે. ખાસ તો સ્વામિનારાયણ મંદિરોને લક્ષ્યાંકિત કરી સ્વામિનારાયણ ભક્તોને ડરાવવા પ્રયાસો થઈ રહ્યા છે. આનું લક્ષ્ય દેખીતી રીતે ગુજરાત છે કારણકે સ્વામિનારાયણ ભક્તો ગુજરાતમાં વધુ છે. કેનેડાનો રેચ ગુજરાતમાં લાગી શકે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનતા લોકો ભાજપને અને વિશેષ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટેકો આપે છે. તેથી મોદીનો જીવ સ્વામિનારાયણ સંપ્રદાયના લોકોરૂપી પોપટમાં છે તેમ કેનેડાના ખાલિસ્તાનીઓ માનતા હશે.

ટ્રુડૉએ ૨૦૨૧ના ખેડૂત આંદોલનમાં પણ ખેડૂત આંદોલન તરફી નિવેદન આપીને સ્પષ્ટ રીતે ભારતના રાજકારણમાં દખલ કરવાનો પ્રયાસ કર્યો હતો. ભારતના મોદી વિરોધીઓ આ બધી બાબતોથી ખુશ થતા હશે, પરંતુ એ સમજી લેવાની આવશ્યકતા છે કે ટ્રુડૉ ભારત વિરોધી છે, મોદી વિરોધી તો એ ભારતમાં મોદી સત્તામાં છે તેથી છે. ટ્રુડૉના પિતા પીએરે ટ્રુડૉ વડાપ્રધાન હતા ત્યારે ૧૯૭૪માં ભારતે પરમાણુ પરીક્ષણો કર્યાં હતાં. તે વખતે સિનિયર ટ્રુડૉએ ભારતના પરમાણુ ઊર્જા કાર્યક્રમને આપેલો બધો ટેકો પાછો ખેંચી લીધો હતો. ૧૯૮૧માં પંજાબમાં બે પોલીસ જવાનોની હત્યા કરીને તલવિન્દરસિંહ પરમાર નામનો એક ત્રાસવાદી કેનેડામાં છુપાઈ ગયો હતો. તે ખાલિસ્તાની સંગઠન બબ્બર ખાલસાનો સભ્ય હતો. તેણે વિદેશોમાં ભારતીય દૂતાવાસો પર આક્રમણો અને સાંપ્રદાયિક હત્યા માટે આહ્‌વાન પણ કર્યું હતું. ભારતે કેનેડાને વિનંતી કરી હતી કે તલવિન્દરસિંહ પરમારને ભારતને સોંપી દેવામાં આવે પરંતુ સિનિયર ટ્રુડૉએ એ વિનંતી સ્પષ્ટ રીતે નકારી દીધી હતી. આમ, ટ્રુડૉ પિતા અને પુત્ર બંને ભારત વિરોધી છે. સિનિયર ટ્રુડૉ વખતે કૉંગ્રેસની – ઇન્દિરા ગાંધીની સરકાર હતી, જે પણ અમેરિકા સામે બથોડા લેતાં હતાં. અને જુનિયર ટ્રુડૉ વખતે નરેન્દ્ર મોદીની સરકાર છે. મોદી પણ અમેરિકા સામે શિંગડા ભેરવી રહ્યા છે. આથી જસ્ટિન ટ્રુડૉના ભારત વિરોધી વલણથી મોદી વિરોધીઓ ખુશ થતા હોય તો તે દેશને નુકસાન કરનારી બાબત જ છે.

પરંતુ કેનેડામાં હવે સ્થિતિ એ થઈ છે કે તેઓ ૨૦૨૫ની સામાન્ય ચૂંટણીમાં પક્ષને જિતાડી શકે તેમ નથી તેમ મનાઈ રહ્યું છે. આથી તેમના જ પક્ષના ૨૪ સાંસદોએ તેમને ૨૮ ઑક્ટોબર સુધીની અવધિ આપી છે કે ત્યાં સુધીમાં તમે પદત્યાગ કરી દો.

અમેરિકામાં પણ વૉલસ્ટ્રીટ જર્નલનો ગત ૨૩ ઑક્ટોબર આસપાસ જે સર્વે આવ્યો તેમાં જે સ્વિંગ સ્ટેટ છે એટલે કે જે રાજ્યો કોઈ એક પક્ષ તરફ ઢળેલા નથી, તે રાજ્યોમાં ડૉનાલ્ડ ટ્રમ્પ સરસાઈમાં ચાલી રહ્યા છે. આ ટ્રેન્ડ નવેમ્બરમાં યોજાનાર ચૂંટણીમાં ચાલુ રહેશે તો પૂરી સંભાવના છે કે ટ્રમ્પનો જ વિજય થશે. ટ્રમ્પ પણ મોદીની જેમ જ ડીપ સ્ટેટના એટલે કે ગૂગલ, ફેસબુકની આડોડાઈના શિકાર છે. તેઓ પણ એલજીબીટીક્યૂવાળા માતાપિતાની અસંમતિ છતાં બાળકોને તેમનાં લિંગ પ્રત્યે મૂંઝવી, તેમનાં ઑપરેશન કરાવી જે સ્થિતિ કરી રહ્યા છે, તેની સામે પડેલા છે. ટ્રમ્પને સૌથી મોટો ટેકો મળ્યો છે વિશ્વના મોટા ઉદ્યોગપતિ પૈકીના એક એલન મસ્કનો.


એલજીબીટીક્યૂવાળાના આ આતંકવાદનો શિકાર તેમનો દીકરો બનેલો છે. હવે એ દીકરો જાતિ બદલાવીને દીકરી બની ગયો છે એટલે કે છોકરામાંથી છોકરી બની ગયો છે અને તેણે પિતા સામે કૉર્ટે ચડીને સંબંધો કાપી નાખ્યા છે. પોતાનું નામ અને જાતિ બદલી નાખી છે. આથી જ એલન મસ્કે ટ્વિટર ખરીદી લીધું કારણકે ટ્વિટર પર તે પહેલાં લેફ્ટ-લિબરલોનું આધિપત્ય હતું અને તેઓ આ એલજીબીટીક્યૂના વૉક વાઇરસને મંચ પૂરો પાડી રહ્યા હતા. આ ચૂંટણીમાં મસ્ક પૂરી શક્તિથી ટ્રમ્પને સાથ અને સહયોગ આપી રહ્યા છે.

ભારતમાં પણ, ગુજરાતી બુદ્ધુજીવીઓ દબાતા સૂરે ત્રીજી જાતિના નામે હવે એલજીબીટીક્યૂની તરફેણ કરવા લાગ્યા છે. નવેમ્બરમાં વિદાય લેવાના છે તે મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે સર્વોચ્ચ ન્યાયાલયમાં યુનિસેક્સ ટૉઇલેટ એટલે કે સ્ત્રી-પુરુષ અને ત્રીજી જાતિ બધા જ લોકો એક જ શૌચાલયમાં જાય તેવાં ટૉઇલેટ બનાવ્યા છે. પોતાનું ચાલે તો ચંદ્રચૂડ એવું કરવા માગે છે કે જે ક્ષણે વ્યક્તિના મનમાં પોતાનું જે લિંગ એટલે કે સેક્સ આવે તે ગણવું. એટલે કે કોઈ ક્ષણે વ્યક્તિને લાગે કે તે પુરુષ છે તો તેને પુરુષ ગણવો અને જો એમ લાગે કે તે સ્ત્રી છે તો સ્ત્રી ગણવી! દરમિયાનમાં લદાખ સીમાએ ચીને સેના પાછી ખેંચી લીધી છે તેથી બ્રિક્સ શિખરમાં વડાપ્રધાન મોદીએ ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ સાથે મંત્રણા કરીને ચીન સાથે સંબંધ સુધારવાનો પ્રયાસ કરીને એક મોરચે તો શત્રુને શાંત કરવા પ્રયાસ કર્યો છે. આ બાબતે સૌથી વધુ સહયોગ રશિયાનો મળ્યો છે. રશિયાના પુતિનના સંકેતથી જ આ થયું છે. ભારતે અમેરિકાના વિરોધ અને ધાકધમકી છતાં રશિયા પાસેથી ઑઇલ ખરીદવા સહિતના સંબંધો ચાલુ રાખ્યા તેનું આ ફળ મળ્યું છે. નવેમ્બર ભારત માટે ખૂબ જ મહત્ત્વનો મહિનો બની રહેશે તેમ લાગે છે. આપણે પ્રાર્થના એ કરવી રહી કે નવેમ્બરમાં ટ્રમ્પ જીતી જાય અને કેનેડામાં જસ્ટિન ટ્રુડૉની પણ વિદાય થઈ જાય.


■ jaywant.pandya@gmail.com


# આખું જગત બહેરું હોત તો ?

હાસ્યાય નમઃ
ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩



(૧)આખું જગત બહેરું હોત તો?

કનુભાઈ લિંબાસિયા 'કનવર' (ચિત્તલ હાલ કેનેડા)

હે? શું કીધું?!

(૨)યે ઈલુ ઈલુ ક્યાં હૈ યે ઈલુ ઈલુ?

દર્શન પટેલ (વડોદરા)

એઆઈ જેવી કોઈ નવી ટેકનોલોજી લાગે છે!

(૩)અપડાઉન કરતાં શિક્ષકોને નોકરીના સ્થળે જ રહેવાનું ફરજિયાત થાય તો તમને ગમશે કે કઠશે ?

ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)

ગમશે. શરત માત્ર એટલી કે હું રહું છું ત્યાં બદલી કરાવી આપો.

(૪)રાવણ પણ ફાફડા જલેબી ખાઈને યુદ્ધ કરવા ગયો હશેને ?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

રાવણ ગુજરાતી નહોતો એટલે એવી શક્યતા ઓછી છે.

(૫) અમારી ઓફિસમાં બોસ બસમાં અને કારકુન કારમાં આવે છે. શું કહેશો?

જય દવે (ભાવનગર)

મને લાગે છે કે પટાવાળો પ્લેનમાં આવતો હોવો જોઈએ!

(૬)હાંફળા ફાંફળાનું હિન્દી શું થાય?

ડાહ્યાભાઈ આદ્રોજા(લીલિયા મોટા)

તમે એકવાર હિન્દીમાં હાંફળા ફાંફળા થઈ બતાવો પછી એનો હિન્દી શબ્દ કહીશ.

(૭) લાખના બાર હજાર કરવા એટલે શું?

યોગેશભાઈ આર જોશી (હાલોલ: જિ.પંચમહાલ)

શેરબજારને લગતા પ્રશ્નોના જવાબ હું આપતો નથી!

(૮)વાહનમાં જાઉં તો ચક્કર આવે છે.ચાલીને જાઉં તો થાકી જાઉં છું તો જાવું કેમ?

રામભાઈ પટેલ (સુરત)

એને અહી બોલાવી લો.

(૯)દેશની સેવા કરવા ચૂટણી લડવી જરૂરી છે?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

ટિકિટ કોણ આપશે?

(૧૦)સાહેબ..! કન્યા પધરાવો સાવધાન એવું કેમ બોલવામાં આવે છે..?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

ત્યાં કેનેડામાં તો અંગ્રેજીમાં બોલતા હશેને?

(૧૧)સાહેબ..! મોટાભાગના હાસ્યલેખક બ્રાહ્મણો જ કેમ હોય છે?

ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)

દર્દ સીને મે છુપા લેતે હૈ. આ આવડત!

(૧૨)આ વર્ષે ચોમાસાએ ઓવરટાઈમ ભરવાનું વિચાર્યું હોય એવું નથી લાગતું ?

કનુભાઈ પરમાર (દામનગર)

ના, એક વરસે એ વહેલો જતો રહ્યો હતો એ સરભર કરે છે.

(૧૩)અત્યારે તમે દિવાળીનું કામ કરતા હશો તો પ્રશ્નોના જવાબ આપશો કે નહિ ?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

તમે પ્રશ્ન પૂછવાનો સમય કઈ રીતે કાઢી લીધો?!

(૧૪)ઓછા પગારમાં અત્યારે શોખ પૂરા કરી લેવા જોઈએ કે ભવિષ્ય માટે બચત કરવી જોઈએ?

મીરાં મેતરા (સુખપુર)

તમે એક કામ કરો. બચત કરવાનો જ શોખ વિકસાવો એટલે બચત પણ થશે અને શોખ પણ પૂરો થશે.

(૧૫) નવા વરસે મળવા આવતા મહેમાનો સુકો મેવો બહુ ન ખાઈ જાય એ માટે કોઈ ઉપાય બતાવશો?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)


સોફા અને સુકા મેવાની ડીશ વચ્ચે વધારે અંતર રાખવું.

■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# ચીન ભારત સબંધ – દગાખોરનું સ્મિત સૌથી મધુર હોય છે

રાજકીય રસધાર
પ્રવીણ માધાણી



આપણી ગુજરાતીમાં ચીનનો શાહુકાર શબ્દ છે. તેનો અર્થ ઠગ, લુચ્ચો, ધૂર્ત, દગાખોર, શઠ અને લીધા પછી પાછુ ન આપનાર થાય છે. કોઈ એવી વ્યક્તિ જેની ફિતરત અન્યોને છેતરવાની રહેતી હોય, દગાખોરી જેનો સ્વભાવ હોય એવી વ્યક્તિ માટે આ વિશેષણ વાપરવામાં આવે છે. ચીન દેશને આ ઉપનામ સાથે જોડવાનું કારણ એ દેશની ફિતરત છે. ચીનના બધા પાડોશી દેશોને તેના શાહુકાર સ્વભાવનો ઓછો વત્તો અનુભવ થયેલો છે. પાકિસ્તાન સિવાય લગભગ બધા પાડોશી દેશો સાથે ચીનને સરહદોના વિવાદ ચાલે છે. પાકિસ્તાન સાથે વિવાદ નથી કારણ કે પાકિસ્તાન ઓલરેડી ચીનના ઘૂંટણીયે પડી ગયેલું છે અને આખા વિશ્વ સમક્ષ ચીનના ખીલે કુદીને પંગા લઈ રહ્યું છે. ભારત સિવાય ચીન સરહદ કુલ ૧૩ દેશોને સ્પર્શે છે. અફઘાનિસ્તાન, ભુતાન, ભારત, કઝાકિસ્તાન, કિર્ગીઝસ્તાન, લાઓસ, મૉન્ગોલિયા, મ્યાનમાર, નેપાલ, નૉર્થ કોરિયા, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન અને વિયેટનામ. જોકે નવાઈની વાત એ છે ચીનને સીમાવિવાદ માત્ર ૧૪ દેશો સાથે નથી, પણ ૨૧ દેશો સાથે છે. એ સિવાય ઘણા દેશો ચીનના દેવાની જાળમાં ફસાઈ ચુકેલા છે. શ્રીલંકા, માલદીવ, બાંગ્લાદેશ, નેપાળ, ઈન્ડોનેશિયા અને થાઈલેન્ડ જેવા એશિયાના દેશો તેમ જ જિબૂતી અને લિથુઆનિયા જેવા આફ્રિકન-યુરેશિયાના દેશોનો આ યાદીમાં સમાવેશ થાય છે. ચીન પોતાની કંપનીઓ મારફત બીજા દેશો ખાસ કરીને નાના દેશોની સરકાર પર નિયંત્રણ રાખવા લાગ્યું છે. અમેરિકાની વિલિયમ એન્ડ મેરી યુનિવર્સિટીના આંતરરાષ્ટ્રીય વિકાસ સંગઠન એન્ડ ડેટાના રિપોર્ટ પ્રમાણે, ચીને વિકાસશીલ દેશોને જે લોન આપી છે એની અડધાથી વધારે રકમ તો 'હિડન ડેટ' એટલે કે સંતાડેલા દેવા તરીકે દર્શાવવામાં આવી છે જેના સત્તાવાર આંકડા દર્શાવાયા નથી. ઓગણીસમી સદીના ઉતરાર્ધ સુધી નબળો ગણાતો આ દેશ આજે રાક્ષસી તાકાત અને મિજાજ ધરાવે છે. જાપાન સામે વિસ્તારવાદી નીતિનો અનુભવ કરી ચૂકેલ ચીન આજે દુનિયાનો સૌથી ક્રૂર અને કટ્ટર વિસ્તારવાદી દેશ છે.

૧૯૨૭ની બ્રસેલ્સ પરિષદ દરમિયાન બહાર પાડવામાં આવેલી સંયુક્ત પત્રિકા એવું કહેતી હતી કે પશ્ચિમનો સામ્રાજ્યવાદ રોકવા ભારત અને ચીનનો સહયોગ જરૂરી છે. ૧૯૩૧માં જાપાને મંચુરિયા પર આક્રમણ કર્યું ત્યારે ચીન પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા માટે ભારતમાં 'ચીન-દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ભારતે જાપાની સામાનનો બહિષ્કાર કરવાની ચળવળો શરૂ કરી હતી. ૧૯૩૭માં જ્યારે ચીન-જાપાન યુદ્ધ શરૂ થયું ત્યારે ભારતે માર્શલ ઝુ-ડીની વિનંતી પર ભારતે ચીનમાં તબીબી મિશન મોકલીને સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. ૧૯૩૯ની નહેરુની ચીન મુલાકાત દરમિયાન તેમને ભારત-ચીન સંબંધને 'અવિનાશી સંબંધ' તરીકે વર્ણવ્યો હતો. નહેરુ તેમના ભાષણોમાં 'ઈસ્ટર્ન યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ ચાઈના' જેવા શબ્દોનો ઉપયોગ કરતા હતા. ચીનના વડાપ્રધાન ઝોઉ એનલાઈએ ૧૯૬૦માં ભારતની મુલાકાત લીધી તો ભારત દ્વારા "હિન્દી ચીની ભાઈ ભાઈ" ના નારાને જોરશોરથી ગાવા વગાડવામાં આવ્યો હતો. આ ભારત ચીનના સારા સબંધો માટે કરવામાં આવેલા પ્રયત્નોની એક નાની યાદી છે. જે તે સમયે ભારતે ચીન સાટું લગભગ દુનિયાના બધા દેશોની ખફગી વહોરી લીધી હતી. ચીનના વડાપ્રધાનની ભારત મુલાકાત અને હિન્દી ચીની ભાઈ ભાઈના નારા લગાવાયા બાદ માત્ર બે વર્ષ બાદ જ ચીને ભારત પર આક્રમણ કરી દીધું હતું. આ છે ચીનનો મૂળભૂત સ્વભાવ. કોરોના બાદ વિશ્વના વિકસિત દેશો દ્વારા ચાઈના પ્લસ વનની થીયરી અપનાવવામાં આવી રહી છે. આ નીતિ અંતર્ગત દરેક મોરચે ચીન ઉપરાંત વિકલ્પ તરીકે અન્ય બીજા દેશને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ઉદ્યોગ હોય, રાજદ્વારી સબંધો હોય કે અન્ય કોઈ પણ ક્ષેત્ર, વિશ્વ ચીન પર સંપૂર્ણ ભરોસો નથી કરી રહ્યું. સેકન્ડ ઓપ્શન તરીકે એક બીજા દેશને તૈયાર કરવાની નીતિ અખત્યાર થઈ ચૂકી છે. ચીનનો આજે વિશ્વ પાસે સંપૂર્ણ વિકલ્પ નથી, એટલે ચીનનો સંપૂર્ણ બહિષ્કાર કોઈપણ દેશ કે આંતરરાષ્ટ્રીય સંગઠન માટે શક્ય નથી. કારણકે દુનિયાના દેશોના બજારો ચાઈનીઝ વસ્તુઓથી છલકાઈ રહ્યા છે. ઉત્પાદન ક્ષેત્રે રાક્ષસી પ્રગતિ કરીને ચીને વિશ્વના પ્રચલિત અને મોટા બજારોમાં પોતાનો સિક્કો જમાવી દીધો છે. દુનિયાના કોઈ દેશને ચીનના માલ વિના ચાલે તેમ નથી એ નગ્ન હકીકત છે. અમેરિકા જેવા સુપરપાવર દેશના મોલ ચાઈનીઝ પ્રોડક્ટ વિના ખાલી થઈ જાય તેમ છે. ભારત ચીનના આયાત નિકાસના આંકડાઓમાં ચીનનું પલ્લું અનેકગણું નમતું રહ્યું છે. જંગી અને સસ્તું ઉત્પાદન ચીનની મોનોપોલી છે. ખુબ લાંબી અને દુર્ગમ સરહદ અને ચીનની લશ્કરી તાકાત તેમજ વિસ્તારવાદી અભિગમને અનુલક્ષીને ભારત ચીનને ક્યારેય અવગણી શકે તેમ નથી. દેશમાં નરેન્દ્ર મોદીનું શાસન આવ્યા બાદ વિદેશનીતિને ખુબ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે, એનું જ કારણ છે આજે ભારત વિશ્વમાં એક ઉભરતી તાકાત તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યું છે. બંને દેશોના સબંધોમાં વચ્ચે થોડો કાલખંડ થીજી ગયેલો રહ્યો હતો. એ સરહદ પર ચીનની ગતિવિધિઓનો ભારત તરફથી લગભગ કોઈ પ્રતિકાર નહોતો. ગલવાન અને ડોક્લામમાં ભારતે અખત્યાર કરેલા આક્રમક પ્રતિકારથી ચીનને ભારતના નવા મિજાજનો પરચો મળી ગયો. ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ચીની સૈનિકોએ જે ભૂલ કરી એનું પરિણામ તો ત્યારે જ તેમને મળી ગયું પરંતુ, એ ભૂલ સુધારવાનો પ્રયાસ ચીને આજે ચાર વર્ષ પછી કર્યો છે. ભારતની આક્રમક કાર્યવાહીથી ચીન પૂર્વી લદાખમાં ૨૦૨૦ પહેલાની સ્થિતિમાં જાળવી રાખવા માટે તૈયાર થયું છે. એટલું જ નહીં ભારત સાથે તમામ વિવાદનો અંત આવ્યાનું પણ ખુદ ચીને જ સ્વીકાર્યું છે.

હાલ તબક્કે ભારતના સરહદી પ્રતિકાર અને વિદેશનીતિની ચીનના મોરચે જીત થઈ છે. ઉપર લખ્યો એ ઈતિહાસ બહુ જુનો નથી. દગાખોર માણસનું સ્મિત સૌથી વધુ મધુર હોય છે.

ક્વિક નોટ = એક સોશ્યલ મીડિયા સમાચાર અનુસાર પાકિસ્તાનમાં પુસ્તકમેળો યોજાયો, જ્યાં કુલ ૩૫ પુસ્તકો વેચાયા અને ૮૦૦ પ્લેટ બિરિયાની વેચાઈ ગઈ... જો કે પાકિસ્તાની સરકારે આની પુષ્ટિ નથી કરી.


■ production@infiniumpharmachem.com

# નદીઓ પુરપાટ વહી રહી છે પણ એમાં ધુબકા મારનારા ક્યાં ખોવાઈ ગયા...?

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

શરદ ઋતુ સોળેય કળાએ ખિલી છે અને હવે એનો અંત નજીક છે. હેમન્તના પવનો શરૂ થયા છે. આ ઋતુઓનો સન્ક્રાન્તિકાળ છે. એક આખો યુગ વીતી ગયો અને સમય છાને પગલે ક્યાં સરી ગયો એની સૌરાષ્ટ્રને ખબર જ ન રહી. ઘણાં વરસો પછી સૌરાષ્ટ્રની તમામ નદીઓ બે કાંઠે પુરપાટ વહી રહી છે. આ નદીઓમાં પાછલી પેઢીઓના ધુબકા મારતા બાળપણ વહી ગયેલા છે. ક્યાંક પોતાના ને ક્યાંક ઉપરવાસના પાણીથી નદીયું જોબનવંતી થઈ છે જાણે કે વિક્રમના સિંહાસનની બત્રીસ પુતળીઓ એક પછી એક સજીવન ન થાતી હોય ! સાવ વેરાન પડેલી માલણને જ જુઓ... અત્યારે તો બેય કાંઠે ઘૂઘવાટા કરે છે. શેત્રુંજી એના ઉપરવાસે તો આંખમાં સમાય નંઈ એવી તોફાની દેખાય છે. ગીરના જંગલની મચ્છુન્દ્રી અને હિરણ તો એની પથરાળ ભોમકાને કારણે ઉલ્લાળા મારતી વહે છે. નદી એની યાત્રા આરંભે છે પહાડી પિતાના ખોળેથી અને પહોંચે છે સાગરરાજને પરણવા... પણ એની ગતિને નિંરાતેથી નિરખો તો આ તહેવારોની મોસમમાં તો એમ લાગે કે જાણે સાસરિયેથી આઠમ કરવા પિયરવાટે ન જતી હોય ! પિયર જતી પરણેતરના પગલે પગલે જે ઉમંગ હોય છે એ ઉમંગ એના પગલાની ચપટીક ધૂળ લઈને માણસજાતે તિલક કરવા જેવો હોય છે. એ ઉમંગની એક ઝલક જો જીવતરમાં આવી જાય તો ભવ પાર થઈ જાય. ઉમંગ જિંદગીનું પરમ રસાયણ છે અને ચોમાસાની નદીઓનું તો એ પ્રાણતત્ત્વ છે.નદીઓના સૌન્દર્ય અને એની દેહયષ્ટિની એક અલગ દુનિયા છે. નદીઓનું અંતઃકરણ એના ધુના છે. હવે તો નદીઓ જ બારમાસી રહી નથી તો ઊંડા ધુનાની તો વાત જ ક્યા છે ? ધુનામાં ન્હાવું એ કંઈ જેવાતેવાનું કામ નંઈ. હરિનું અને ધુનાનું બેયનું તો પરથમ પહેલા મસ્તક મૂકી વળતાં લેવું નામ જેવું છે. એક તો તળ ન દેખાય એટલું ઊંડાણ હોય. પછી એમાં વળી કોતરો ને ભેખડો હોય. જાણભેદુ તરવૈયો ન હોય તો ભેખડમાં પગ ભરાઈ જાય અને ત્યાં જ જિંદગી પૂરી થઈ જાય. ધુનામાં બારેય માસ ઊંડા પાણી હોય એટલે એના કાંઠાના ઝાડવા ઘટાટોપ ફાલ્યા હોય. એની વળી કેટલીક ડાળ તો ધુના પર જ ઝૂકી હોય. એ ડાળીઓય થડ જેવી હોય. સાહસિક છોકરાવ એ ડાળીએ ચડીને ધુનામાં ડૂબકી મારે. કેટલાક ધુનાઓના નામ મઘરિયા ધુના હોય. એટલે એમાં એક-બે મગર રહેતા હોય. એવા મઘરિયે જાવું ને ધુબકે ધુબકે ન્હાવું એ તો સ્વર્ગાધિક સુખ આપનારું સાહસ છે.નદીએ બાળકને પહેલીવાર તો મા જ લઈ જાય. શેરીમાં ને ગામના ચોકમાં ને એમ જગતનું દર્શન સૌથી પહેલાં પિતા જ કરાવે પણ નદીએ તો બા લઈ જાય અથવા ફઈબા લઈ જાય. ઘરનું કામ કરવાનું ને બાળકને સાચવવાનું. એટલે નદીએ મા કપડાં ધોવા જાય ત્યારે આંગળીએ બાળકને પણ લઈ જાય. કાંઠાના છીછરા પાણીમાં બાળક છબછબ કરે ન કરે ત્યાં તો કપડાંની ધોણ્ય પૂરી થઈ જાય. ત્યાંથી માતાના સંસ્કારો સાથે લોકમાતાના સંસ્કારોનો પ્રવાહ સંમિલિત થાય તે પછી આજીવન ચાલે. અનેક ગામડાંઓમાં સ્મશાન નદીને સામે કિનારે સહેજ દૂર હોય. મૃતકોને અગ્નિસંસ્કાર આપીને પછી નદીએ ન્હાયા પછી જ બધા ઘરે આવતા. આજેય અનેક પ્રકારની શ્રાદ્ધવિધિઓ નદીકાંઠે થાય છે એનું મૂળ કારણ નદીઓના સામા કાંઠે રચાયેલા સ્મશાનોની પરંપરા છે. એ જુના જમાનામાં પણ નદીઓમાં કોઈ પદાર્થ વહેતા મૂકાતા નહિ, કારણ કે ગામેગામ લોકો નદીકાંઠે જ હોય. પશુપાલકો કાંઠાના ઝાડ નીચે વિસામો લેતા અને એના પશુઓ આસપાસની ટેકરીઓ અને ચરવાણમાં ફરતા ફરતા ચરતા. નદીનું પાણી જ બધા ગામના પાણિયારે પહોંચીને પીવાતું રહેતું એટલે નદીની શુદ્ધિ સહુ સ્વયમેવ જાળવતા. માણસજાતે જરાક સગવડ મળી કે કુદરતનો હાથ છોડાવી લીધો, જેમ મેળામાં તોફાની બાળક માની આંગળીએથી સરકી જાય એમ. એસીની ઠંડક મળી કે તરત જ આથમણા બારી અને બારી પડતા મેલ્યા. વગડામાંથી આવતા લીલી ટાઢકવાળા પવનની હવે એને શું પડી હોય ? સાયકલ આવી કે તરત ઘોડા પરથી માણસ નીચે ઉતરી ગયો. જે ઘોડાએ એને હજારો વરસોનો સાથ આપ્યો અને દુર્ગમ પહાડોય પાર કરાવીને નવખંડ ધરતીમાં રમતો કર્યો એ માણસે એ જ ઘોડાને પડતો મૂકી દીધો. ઘર આંગણે નળ આવ્યા, એટલે ઘટ, પનઘટ અને નદીને પણ પડતા મેલ્યા ! એમાંથી જ તો માણસ હવે મા-બાપનેય પડતા મેલતા શીખી ગયો.નદીને માણસે સાથે રાખવા જેવી હતી. અને માણસજાતે જો ધાર્યું હોત તો સાવ સહજ પ્રયાસે ભારતની બધી જ નદીઓ બારેય માસ વહેતી હોત. હવે તો એ પરિસ્થિતિ દૂર દૂરના ભવિષ્યમાં પણ સંભવ નથી. દક્ષિણ ભારતના કેટલાક સાધુ પુરુષોએ આજકાલ દેશની તમામ નદીઓને સજીવન કરવાની નેમ ઉપાડી છે પરંતુ એનાથી વિરાટ ભારતનું ઠેબે ચડી ગયેલું લોકહૃદય કેમ કરીને નદી તરફ પાછું ફરશે એ એક કોયડો છે. તોય નદીઓના કાંઠે સાવ અંધારું હતું એમાં કોઈએ દીવો તો કર્યો એટલો તો મહિમા એનો છે. હવે તો નદીઓ કોઈના સપનામાં પણ આવતી નથી. દિવમ્ ગતાઃ ! આપણા દેશના રાજનેતાઓ અને પ્રજાના હજાર અગ્રતાક્રમોમાં ક્યાંય નદી નથી. એકલી ગંગા જ સ્વર્ગમાંથી અવતરી નથી. દરેક નદી સ્વર્ગમાંથી જ અવતરીને સ્વર્ગીય સુખનો વસુંધરા પર અભિષેક કરતી હતી. પરંતુ એક વાત એ છે કે નદીઓ કંઈ એમ નામશેષ થઈ જવાની નથી. એના બદલાયેલા રૂપે એ પ્રલયકારી થઈ મન ફાવે ત્યારે આવશે કારણ કે માણસ નદીવિમુખ થયો એનાથી કંઈ આખી ધરતીનું ભૂસ્તર તો બદલાઈ જવાનું નથી. લોકમાતાની વાત્સલ્યધારા હવે વિનાશક વહેણ બને જ છે. એના કારણો ભલે જલ્દી ન જડે પણ આમ નહિ તો તેમ નદી મા છે એટલે માણસજાતને ગળે તો વળગાડશે એમાં ફેર નહિ પડે. પૂર્વોત્તર ભારતમાં જે મુખ્ય નદીઓ તોફાની બની છે એનું પ્રમુખ કારણ એ છે કે એની ઉપનદીઓ બુરાઈ ગઈ છે. નદીઓનો આખો અધ્યાય આપણા દેશમાં ઊઘાડવાનો જ બાકી રહી ગયો છે. આજકાલ શેત્રુંજી, સાબરમતી, તાપીની જે ઉપનદીઓ છે એમાં ભરપુર પ્રવાહ છે. આ શરદ ઋતુ છે એટલે એના પાણી લીલા કાચ જેવા આરપારિયા થઈ ગયા છે. શરદના પવનની પહેલી લહેરે જ વરસાદી ડહોળ બધો તળિયે બેસી ગયો છે. આ નદીના અમરત ઘૂંટડા આ વરસે તો ઘટક ઘટક ગળે ઉતારવાની મઝા પડે એમ છે. ■



**ઘર આંગણે નળ આવ્યા, એટલે ઘટ, પનઘટ અને નદીને માણસ જાતે પડતા મેલ્યા ! એમાંથી જ તો માણસ હવે મા-બાપનેય પડતા મેલતા શીખી ગયો.....!**

# ઇન્સ્પેક્ટર અજય અને જીમ્મી સ્તબ્ધ થઇ ગયા

લઘુ-નવલકથા
યોગેશ પંડયા






દત્તા, ઈન્સ્પેક્ટર અને જીમ્મીએ ત્રણ જણાએ અર્જુનને રીતસરનો ઊંચકવો પડ્યો એટલો બધો મૂઢમાર તેના શરીર ઉપર લાગ્યો હતો. એનો શર્ટ ઊંચો કરીને ઈન્સ્પેકટરે જોઇ લીધું હતું. લાઠીના એટલા બધા પ્રહાર થયા હતા કે પીઠ ઉપર લીલા સોળ ઉપસી આવ્યા હતા. ઈન્સ્પેક્ટરે વિચાર્યું હતું કે બન્ને પગમાં પણ એટલા બધા પ્રહાર થયા હોવા જોઈએ કારણ કે એ પગ પણ માંડ માંડ મૂકી શકતો હતો. ગરનાળા પાસેથી તેને ઊંચકયો ત્યારે તો એ અર્ધબેભાન અવસ્થામાં જ હોય એમ લાગ્યું હતું. જીમ્મીએ જેવો એના શરીર ઉપર પાટા ખોલવા હાથ લગાડયો હતો ત્યારે એ ચીખી ઉઠ્યો હતો : મુઝે મત મારો, મુઝે મત મારો. મૈ પૂરે કા પૂરા બંદોબસ્ત કરકે આયા હું. પૂરે પાંચ લાખ હૈ ઈસ બેગમેં વો લે લો લેકીન મુઝે મત મારો...''

ઈન્સ્પેકટર અજય અને જીમ્મી સ્તબ્ધ થઈ ગયા હતા. બન્નેએ એકમેકની સામે જોયું. ઈન્સ્પેકટર અજયે બસ એમજ તેના બરડે હાથ ફેરવ્યો કે એ પીડાથી કરાંહી ઉઠ્યો હતો અને ત્યારે જ ઈન્સ્પેકટરે તેનો શર્ટ ઊંચો કરીને જોયું તો... તેની પીઠ ઉપર સોળ ઉપસી આવ્યા હતા. ઘરે પહોંચાડીને ત્રણેય જણાએ તેને બેડ ઉપર સુવડાવી દીધો. એક કડક મીઠી કોફી પીવડાવીને તેને કંઈક સ્વસ્થ કરવાની કોશિષ કરી પરંતુ તેના ચહેરા ઉપર એક ભીષણ ઓથાર ઝળૂંબેલો હતો.

અડધી'ક કલાક બેસીને તેઓ નીકળ્યા અને જીમ્મીને થોડીવાર ઔર બેસવાનું ઈન્સ્પેકટરે કહ્યું. જીમ્મી રાજેશ્વરીબાને આશ્વાસન આપતો બેઠો. અનિતાનું હૈયું આજ જીમ્મી ઉપર ઓળઘોળ થઇ ગયું. પોતાના ભાઈને શોધવા જીમ્મીએ આકાશ પાતાળ એક કરી નાખ્યું હતું અને છેલ્લા બે દિવસની તેની દોડધામથી તે રજેરજ પરિચિત હતી. એટલે અનિતા ખુશ તો હતી જ, પણ પોતાના પ્રેમીનો એકાંતમાં આભાર માનવા માટે બેતાબ પણ હતી. પણ જીમ્મીની પ્રત્યેક મિનિટ રવિનાની હરકતો ઉપર ફોકસ થઇ ચૂકી હતી. એ રાજેશ્વરીબાની પીઠ ઉપર માથે હાથ ફેરવી રહ્યો હતો પણ એની નજર રવિનાની જાંચ-તપાસ કરી રહી હતી. તેના ચહેરા ઉપરના એક્સ્પ્રેશનને તે પ્રમાણી રહ્યો હતો. થોડીવાર બેસીને તે ઘરે જવા રવાના થયો અને દત્તાએ પણ ઓફિસમાં પ્રવેશ કર્યો પણ તેનું મન તો અર્જુનમાં જ પરોવાયેલું હતું. આખરે આ મામલો શેનો છે ? એ અર્જુન વિષે વિચારતા જ હતા કે ત્યા ટેલિફોનની ઘંટડી રણકી.

''હલ્લો, કોણ ? '' દત્તાએ પૂછયું કે સામેથી ખડખડાટ હાસ્ય સંભળાયું :'' દત્તાજી, હું ડો. ભૂવન બોલુ છું.'' ''ઓહ... ગુડમોર્નિંગ સર, અત્યારમાં છેક દિલ્હીથી ફોન કર્યો તમે ! લોટ ઓફ થેન્કસ કે તમે મને યાદ કર્યો. બાય ધ વે તમારી ડોકટર્સની ટ્રેનિંગ કેમ ચાલી રહી છે અને હવે કયારે આવો છો ? વી ઓલ શાર્પ મીસ યૂ.''

''અરે... અરે... અરે પણ મને બોલવા તો દેશો કે પછી તમે જ બોલ્યે રાખશો ?'' ડો. ભૂવને ખડખડાટ હસતા કહ્યું : ''જસ્ટ મેં તમને એ કહેવા માટે જ ફોન કર્યો છે કે, હું કાલે રાત્રે જ આવી ગયો છું, હવે આપણે પાછા બધા મિત્રો આજે સાંજે કરાઓકે મ્યુઝિક પાર્ટી ગોઠવી દઈએ.''

''એ તો ચોક્કસ ગોઠવશું જ, પણ તમે કેમ ચાલુ ટ્રેનિંગે આવી ગયા ?''

''કુદરતી આપત્તિ.'' ડોકટરે કહ્યું : '' એ વિસ્તારમાં આ સાલ વરસાદ એટલો બધો પડયો કે પહાડી વિસ્તારમાં ભૂસ્ખલનની ઘટનાઓ ખૂબ બની છે અને સામાન્ય જનમાનસ એ જીવલેણ ઘટનાઓથી પ્રભાવિત થઈ રહ્યું છે. હિમાચાલ પ્રદેશથી ઘણાં જ ડોકટર્સ દિલ્હી આવેલા તેમને પાછા મોકલી દીધા. હવે નેકસ્ટ ટાઈમ ટ્રેનિંગ રાખશે...'' ડોકટર અટકયા પછી કહે : ''બધું કેમ ચાલે છે, ઓલ ઓકે ? અરે હા, પેલા અર્જુનભાઈને પછી...''

જવાબમાં એ પછી બનેલી ઘટનાની સિલસિલા બંધ વિગતો દત્તાએ ડોકટર્સને કહી સંભળાવી અને ગઇ રાત્રે જે ઘટના ઘટી ગઇ તેની ગંભીરતાથી ચર્ચા કરીને રિકવેસ્ટ કરી ''માણસ કયા લફરામાં ગૂંચવાઈ ગયો છે એ ખબર નથી પડતી પણ તેનાથી એક ભૂલ થઈ ગઈ છે તેનું પરિણામ તો નહીં ભોગવતો હોય ને ડોકટર ? મને એ વાતની ચિંતા થાય છે કે તેની જિંદગી કયા ટ્રેક ઉપર જઈ રહી છે ?'' અટકીને દત્તા બોલ્યા : '' જો અત્યારે સમય હોય તો જઈ આવીએ એ ક્ષુબ્ધ છે. વાચા હરાઈ ગઈ છે. ખામોશ છે. તમે કોઈ ટ્રીટમેન્ટ કરો તેવું ઈચ્છું છું.... '' ''આપણે સાંજે છ વાગ્યે જઈએ. ત્યાં સુધીમાં હું મારી ડયૂટી જોઈન્ટ કરી લઉ.''

''ઈટ્સ ઓ.કે. થેન્ક યૂ ડોકટર...''

---

રૂમ ખાલી થયો એટલે કામના બહાને રવિના અંદર આવી. અનિતા વોશરૂમમાં ગઈ હતી અને રાજેશ્વરીબા નહાવા ગયા એ તકને રવિનાએ ઝડપી લીધી.

એ આવીને અર્જુન સામે તાકી રહી અને પછી, તેના કપાળ ઉપર ચૂંબન કરવા ઝુકી કે અર્જુને તેને ધક્કો માર્યો રવિના પડતી પડતી બચી. એની આંખોમાં ભીનાશ તબકી : એ બોલી : ''નારાજ છો મારાથી ?''

અર્જુને જવાબમાં બે હાથ જોડયા. રવિનાએ એ હાથ ઉપર પોતાના હાથ ગોઠવ્યા અને પંપાળવા લાગી. અર્જુન તેને તાકી રહ્યો : અનોખી નિગાહોથી ! રવિનાએ પોતાના ગળાના હડિયાને ચપટીમાં લીધો. જાણે કહેતી હોય કે મારાથી શું ભૂલ થઈ ગઈ ? એ પલંગની ધારે બેઠી અને અર્જુનના કપાળ ઉપર હાથ ફેરવતી રહી. પ્રતિભાવમાં અર્જુન ખામોશ રહ્યો કે એ તેના ગાલ ઉપર હળવું ચૂંબન કરી લીધું. અર્જુનના ચહેરા ઉપર કોઈ ફેરફાર ન થયો એટલે એ મંદ મંદ હસી અને પછી તેના ગાલ ઉપર ટપલી મારી કિચનમાં જતી રહી ત્યાં જ રાજેશ્વરીબા બાથરૂમમાંથી બહાર નીકળ્યા અને ડાબી બાજુ રાખેલા ભગવાનના મંદિર સામે બેઠા. ચા - પાણી, નાસ્તો બનાવીને રવિનાએ રાજેશ્વરીબાને કહ્યું : ''બા, અનિતાને કોલેજ જવાનું મોડું થશે તો હું શાકભાજી લેતી આવુ ? દૂધ અને સર માટે કોફી પણ લાવવાની છે.''

''હા, પણ મોડું નહીં કરતી. ઝડપથી આવજે.''

'' જી બા...'' કરતી એ ગઈ અને અનિતા ન્હાઈ ધોઈને બહાર નીકળી ચા પીતા પીતા એણે રાજેશ્વરીબાને કહ્યું : ''હવે આને વળાવવાને કેટલી વાર છે ? મેં તમને પહેલા ય કહ્યું હતું ને હવે ય કહુ છું કે હવે આને વળાવી દો. એનું જે થવું હોય એ થાય પણ માનતા નથી. ''

''એ બિચારીનું આપણી સિવાય છે કોણ ? ગવરી ગાય જેવી છે બિચારી...''

''એ ગવરી ગાય નથી પણ લૂચ્ચી લોમડી છે. મને જીમ્મી અને જીગર બેય જણા કહેતા હતા કે આ તમારા ઘરે છે એ છોકરીથી ચેતો પણ તમે તો માનતા જ નથી. એકવાર તો એ બજારમાં ઊભી ઊભી છાનો છપનો કોઈને ફોન પણ કરતી હતી.''

''એ બિચાડી એના મામાને ફોન કરે છે. એને એની બીક કરતા આપણી બીક વધારે છે. સમજી ?''

''સારૂ ત્યારે ભોગવો, બીજું શું ?'' અનિતા પગ પછાડતી ચાલી ગઈ અને અનિતાનો રવિના પ્રત્યેનો બાળસહજ ગુસ્સો જોઈ રાજેશ્વરીબા હસી પડયા પણ એજ વખતે રવિના ખરેખરની મુંઝાઇ ગઇ હતી. કોઇ દિવસ નહીં ને કાલે રાત્રે જ મોબાઇલનું કવર ખોલીને છૂપાવી રાખેલું બીજું સીમકાર્ડ મળ્યું જ નહીં.

''અરે, મારૂ બીજુ સીમકાર્ડ ?'' એ રસ્તા ઉપર વાંકી વળીને જોવા લાગી. કયાંક પોતાના પગ નીચે જ ધૂળમાં તો નથી દટાઇ ગયું ને ? એનું તન બદન પરસેવે રેબઝેબ થઇ ગયું કારણ કે જે કંઇ હતું એ જ સ્તો બીજા સીમકાર્ડમાં સંઘરેલુ પડયું હતું. એ પાછી ફરી પણ તેને યાદ આવ્યું. ઠાલી ખાલી થેલી લઈને પાછી ફરીશ તો રાજેશ્વરીબા હજારો સવાલ કરશે એટલે ઝટપટ શાકભાજી, કોફી અને દૂધની થેલી લઈને પાછી ફરી. વળતા ઝીણી નજરે રસ્તા ઉપર તાકતી રહી કે કયાંક સીમકાર્ડ પડી તો નથી ગયું ને ? પણ ના સીમકાર્ડ તો ત્યાં કયાં હતું તે મળે ? એ ઘરે આવી દોડાદોડ પોતે જે બેડ ઉપર સૂતી હતી એ બેડ, ગાદલુ, ઓશિકુ ઉપર નીચે ઘળુ ફેંદી વળી પણ વ્યર્થ. ''અરે ગાંડી, તું શું શોધવા મંડી ગઈ ? કાંઈ ખોવાઈ ગયું છે '' પોતે શું જવાબ આપે ? ગેંગ ફેંફે તો થઈ ગયું પણ પછી ઉપજાવી કાઢયુ : ''ડબરામાંથી સો સોની બે નોટ અને એક પચાસની નોટ લીધી હતી કે સોની નોટ કયાંક...''

''અરે ગાંડી !! ગાલાવેલીના તે કાંઇ ગામ હોય ?'' રાજેશ્વરીબાએ તેનું બાવડું પકડીને કહ્યું :'' રહેવા દે પગલી એવા સો રૂપિયાના ગાડા તો જિંદગીમાં કયાંના કયાં લૂંટાઇ ગયા તોય મને અફસોસ નથી અને તું શું સો રૂપિયામાં રોવા બેઠી છો ?''

------

રાત પડી પણ વિચારોના કાનખજૂરા રાજેશ્વરીબાને જંપવા દેતા નહોતા. સાંજે ડોકટર ભૂવનને લઈને દત્તા આવ્યા.ડ+ઈઘ ભૂવનને જોઈને રાજેશ્વરીબા રાજીના રેડ થઇ ગયા. અર્જુનની તપાસ કરીને કાંઇ ચિંતા કરવા જેવું નથી '' રિપોર્ટ આપીને એ નીકળ્યા પછી રાજેશ્વરીબાના ચિતમાં વિચાર ઝબકયો હતો. આટલા દિ' સુધી ઉલટી કે વોમીટ કરતી રવિનાને અચાનક મોળ આવતી કેમ બંધ થઇ ગઇ ? કયાંક પેટમાં બચ્ચુ તો ?? ગમે એમ પણ તોય એ પોતાના લોહીના લોહીનું ટીપું છે! એને થયું કે, કાલે જ પોતે રવિનાને લઈને ડો. ભૂવન પાસે જશે અને વાત કરશે વિચારની એક ગાંઠ બાંધી તેઓ... (ક્રમશઃ) ■

# પ્રેમ એ પામવાની નહીં પણ આપવાની વસ્તુ છે

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર






પ્રેમની પ્રથમ અનુભૂતિ હૃદયમાં થાય છે. જો આપણે કોઇને પણ પ્રેમ કરીએ એ સાથે જ આપણું હૃદય અને આપણી લાગણી આપણાને જ સાચો જવાબ આપે છે. જો તમે વ્યક્તિને પ્રથમવાર જુઓ એ સાથે જ પ્રેમ અનુભૂતિ થાય. તમને તે વ્યક્તિ ગમવા લાગે તો... અને પ્રથમ નજરનો પ્રેમ કહી શકાય. પછી એ વ્યક્તિ સંપૂર્ણપણે આપણી થઈ જાય તો આપણી એ જીત છે અને જો આવું ન થઈ શકે તો... આપણી હાર છે.

પરંતુ પ્રેમ તો પ્રેમ છે, એમાં હાર - જીત વળી શું ? પ્રેમ એ પામવાની નહીં પણ આપવાની વસ્તુ છે. પ્રેમ એટલે એક જ વાત : જતું કરવાની ભાવના...! સાચા પ્રેમમાં ત્યાગની ભાવના હોવી જરૂરી છે.

કમળાપુરમાં જ્યોતિ આવી તેને હજી માંડ અઠવાડિયું થયું ત્યાં તો દામલના સંબંધો કયાંના ક્યાં પહોંચી ગયા. આમ થવાનું કારણ શું ? અકળ કારણનું પણ કંઈક કારણ તો હશે જ ને ?! જો એકતરફી પ્રેમ હોય તો શારીરિક સંબંધો આગળ વધે.

જ્યોતિ આવી તે પ્રથમ દિવસે, પ્રથમ નજરે જ દામલને ખૂબ ખૂબ ગમી. મનમાં મનમાં તો તે ખૂબ હરખાયો પરંતુ પોતાની શરમાળ પ્રકૃતિને લીધે મનમાં ને મનમાં તે ખૂબ મુંઝાયો. પ્રેમનો પ્રસ્તાવ પરી જેવી છોકરી આગળ રજૂ કેમ કરવો... ?

વળી આવા અઘરા કામમાં બા... એ પૂરેપૂરો સાથ આપ્યો.... બા કે મમ્મી જે કહો તે, સંતાનના સુખની જે હંમેશાં ચિંતા કરતું મહાન પાત્ર આ જગતમાં હોય તો તે મા.. છે મા... એણે જ મિત્ર બનીને દીકરા દામલ અને જ્યોતિને એકબીજા સામે તુકારે બોલતાં શીખવ્યું. પછી તો વાત આગળ વધતી ચાલી.

જેમાં શબ્દો કે ભાષાની મરજાદ નડે નહીં તે પ્રેમ ! પ્રેમમાં બુધ્ધિનું પણ કંઇ આવે નહીં. પ્રેમ એ તો અનુભવવાની એક અદ્દશ્ય વસ્તુ છે અને નરી આંખે જોઈ કે વર્ણવી પણ ન શકાય. પ્રેમ કરવાનું કોઈ કૃત્ય કે વાત નથી. ધારીએ તો પણ પ્રેમ પરાણે કરી શકાતો નથી. આ પામર માનવીના હાથની વાત નથી જ નથી.

પ્રેમ એ તો કેવળ એક થીજેલી સ્થિતિ છે. નદીના ખળખળ વહેતાં જળ જેવો પ્રેમ છે. આવા પ્રેમમાં ઉંમરને પણ કંઈપણ લેવા - દેવા નથી. આમ જુઓ તો આ આખા વિશ્વનું સર્જન જ પ્રેમ માટે થયેલું હોય તેમ લાગે છે.

કદાચ દામલ કોઈ સંજોગોનો શિકાર બન્યો હોય. તેના શરીરના જિન્સી આવેગો બીજી કોઇ છોકરી પ્રત્યે નહીં પણ આ પરી જેવી જ્યોતિ તરફ જ વહેવા લાગ્યા હોય તો નવાઈ નહીં. કારણ કે પોતે શુધ્ધ બ્રાહ્મણ હતો અને માત્ર પાંચ સાત દિવસમાં તો...

વહેલી સવારમાં દામલની આંખ ખૂલી. તેની નજર ડોકું હલાવ્યા વગર આમ તેમ ફરી. બાજુમાં જ જ્યોતિ હજી ઊંઘતી હતી. તેની અર્ધી છાતી સુધી ચાદર ઢંકાયેલ હતી, અને અર્ધી છાતી ખુલ્લી હતી. જ્યોતિનો માસૂમ ચહેરો અત્યારે કેટલો બધો ઝગમગી રહ્યો હતો તે દામલે જોયું...

કંઈ નહીં ને... એમ જ દામલે જ્યોતિના ગાલ પર તેની આંગળી ધીમેથી અડકાડી, ફરી આમ - તેમ ફેરવીને ધીમેથી બોલ્યો : ''જ્યોતિ.... એય જ્યોતિ...'' પરંતુ જ્યોતિ તો ઊંઘતી જ રહી એટલે દામલે તેનું મોઢું એ તરફ ફેરવ્યું ને ઉત્સાહિત થઈ જ્યોતિના હોઠ પર પોતાના હોઠ ધરી દીધા.

એ સાથે તો જરા અકળાઈને જ્યોતિએ તેની આંખો માંડ માંડ ખોલી અને દામલનો ચહેરો સાવ જ નજીક દેખાતા તેણે સ્મિત કર્યુ પછી તેણે તેનો એક હાથ જરા લાંબો કરી, એક આંગળી દામલના હોઠ પર ધીમેથી ફેરવી લઈ કહ્યું : ''બસ હવે... તું પેલી તરફ જો, મારે બાથરૂમ જવું છે....''

દામલે પડખું ફેરવ્યું. જ્યોતિ પથારીમાંથી બેઠી થઈ ઝડપથી બાથરૂમમાં ચાલી ગઈ. બાથરૂમમાં દાખલ થતાં વેંત જ્યોતિએ તેનાં આંતરવસ્ત્રોને વિદાય આપી દીધી. પછી તેણે તેની નજર તેના દેહ પર પગથી છાતી સુધી ફેરવી. એ સાથે જ તેણે ફુવારાની ચકલી ચાલુ કરી દીધી. જળનાં ઠંડા ઠંડાં બિંદુઓ તેના શરીર પર ધીમે ધીમે ટપકવા લાગ્યાં, ને તેના હોઠ મલકવા લાગ્યા. અમસ્તું જ તેના ચહેરા સ્મિત ઉપસ્યું. એવા એ સ્મિતમાં શું છુપાયું હશે...?

શરીરના અંગે અંગે સુગંધી સાબુ ઘસી ઘસીને તેણે ઘણીવાર સુધી નાહ્યા કર્યું નાહતાં નાહતાં પણ તેને વિચારો તો નવા નવા આવતા જ રહ્યા. એ ખુશ હતી, ખૂબ ખૂબ ખુશ હતી. પરંતુ તેનો આનંદ અને તેની ખુશી કયા પ્રકારની હતી તે માપી શકાય તેમ કયાં હતું ?

જાણવા પ્રમાણે આવા આવેશમાં બધું થઈ ગયા પછી હંમેશાં છોકરીઓ રડે, ચિંતા કરે, અફસોસ કરે, હીબકે હીબકે રડે... ને બોલે પણ ખરી કે હવે શું થશે ? મારા ભવિષ્યનું શું ? આવું બધુ વિચારીને રૂદન પણ કરે અને વધારેમાં વધારે ચિંતા એ હોય છે કે પેટમાં રહી ગયું તો... ? પરંતુ આનાથી તદન ઊલટું હાલમાં જ્યોતિનું વર્તન દેખાઈ રહ્યું હતું એ તો ઈચ્છતી હતી કે, દામલના સ્પર્મ... મારામાં એટલે કે મારા પેટમાં પોષણ પામી મને એક જીવંત ભેટ આપે ! એથી તો એ વધુ આનંદમાં હતી. નાહી લીધા પછી બાથરૂમમાંથી તે બહાર નીકળી. દામલ તો હજી એમ જ પથારીમાં જાગતો પડયો હતો. તેણે જોયું તો સાચે જ જ્યોતિ પરી જેવી દેખાઈ રહી હતી. તેની મોટી મોટી આંખોમાં લાખ લાખ સપનાં સમાયાં હોય તેવું દેખાતું હતું. અને તેણે અત્યારે તો તેના શરીર પર માત્ર ટુવાલ જ વીંટાળેલ હતો. દામલ હવે ઊભો થયો ને હસતાં વદને જ્યોતિ સામે સાવ નજીક જ ઊભો રહ્યો. તેને શું સૂઝ્યુ કે જરા આક્રમક મૂડમાં તેણે જ્યોતિની છાતી વચ્ચેના ઊંડા ભાગમાં તેના હોઠ ભીંસી દીધા. પછી ફેફસાના ઊંડાણમાં લાંબો શ્વાસ ખેંચ્યો ત્યારે... જ્યોતિની આંખો મીઠાં મીઠાં દર્દથી જાણે કે મીંચાઈ ગઈ. સ્વર્ગના સુખનો અહેસાસ તેણે અત્યારે જાણે કે ઘૂંટડે ઘૂંટડે પી લીધો. (ક્રમશઃ) ■

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

### ગોપાલભાઈ વસ્તરપરાના પ્રમુખ સ્થાને, સુરેશભાઈ દેસાઈ દ્વારા કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો

# ચિત્તલ મુકામે ૧૧૦મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો

**સરદાર પટેલના જીવનમૂલ્યો જીવનમાં ઉતારવા ગોપાલભાઈ વસ્તરપરાનો અનુરોધ**

અમરેલી,તા.૨૬

ચિત્તલમાં વિદ્યા ભારતી ટ્રસ્ટ ચિત્તલ અને રણછોડદાસ હોસ્પિટલ રાજકોટ ચિત્તલ સરસ્વતીવિદ્યાવિદ્યામંદિરખાતે વશરામભાઈ દેવશીભાઈ પાનેલીયાના સહયોગથી ૧૧૦મો નેત્ર નિદાન કેમ્પ ઉદ્યોગપતિ ગોપાલભાઈ વસ્તરપરાના પ્રમુખ સ્થાને યોજાયો હતો. જેનું ઉદ્‌ઘાટન ખોડલધામ સમિતિના કન્વીનર સુરેશભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવેલ હતું. આ પ્રસંગે આર્ટ ઓફ લિવિંગના ઉમેશ દુધાત, યોગેશભાઈ





ગણાત્રા, ખોડલધામ સમાધાન પંચના અધ્યક્ષ મનુભાઈ દેસાઈ, અગ્રણી ઉદ્યોગપતિ લાલભાઈ દેસાઈ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયતના ચેરમેન જે.બી. દેસાઈ, રંજનબેન બાબરીયા વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈ ખાસ હાજર રહ્યા હતા. કેમ્પમાં ગોપાલભાઈ ચમારડીવાળાનું વિવિધ સંસ્થાઓ અને આયોજક તરફથી સન્માન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ગોપાલભાઈ વસ્તરપરાએ જ્ઞાતિ, જાતિના ભેદભાવ રહિત સમાજની વ્યવસ્થા કરવા પર ભાર મૂક્યો હતો અને સરદાર વલ્લભભાઈ પટેલને સર્વ સમાજના નેતા ગણાવીને તેમનો જીવન મંત્ર અપનાવવા હાકલ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ ઈતેશભાઈ મહેતા અને સ્વાગત પ્રવચન બિપીનભાઈ દવેએ કર્યુ હતુ. આ કેમ્પને સફળ બનાવવા માટે નેત્ર નિદાન કેમ્પ કમિટીના સંયોજક દિનેશભાઈ મેસિયા, બિપીનભાઈ દવે, ઉકાભાઈ દેસાઈ, રાજુભાઈ ધાનાણી, સવજીભાઈ વાઘેલા રામજીભાઈ અસલાલીયા, બકુલભાઈ ભીમાણી, ખોડાભાઈ ધંધુકિયા, છગનભાઈ કાછડીયા, છગનભાઈ બાબરીયા જીતુભાઈ વાઘેલા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

---

### પેટ્રોલિંગ દરમિયાન એકબીજાની હિલચાલને અવરોધવામાં આવશે નહીં

# ભારત અને ચીન વચ્ચે કરાર : ડેપસાંગ-ડેમચોક બાદ અરુણાચલના યાંગત્સેમાં પણ પેટ્રોલિંગ શરૂ થશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૬

ભારત અને ચીન વિશ્વની સૌથી લાંબી અને વિવાદિત સરહદ વહેંચે છે, જેને વાસ્તવિક નિયંત્રણ રેખા અથવા એલએસી કહેવામાં આવે છે. આ ૩૪૮૮ કિમી લાંબી સરહદ છે, જે ભારત અને ચીનની સરહદને પૂર્વ, મધ્ય અને પશ્ચિમ એમ ત્રણ ક્ષેત્રોમાં વહેંચે છે. આ એટલી લાંબી લાઈન છે કે લદ્દાખથી અરુણાચલ સુધીના ઘણા ભાગો પર ભારત અને ચીન અલગ-અલગ દાવા કરે છે અને તેનાથી સંઘર્ષની શક્યતા વધી જાય છે. પરંતુ હવે



કેટલાક વિસ્તારો અને ત્યાં પેટ્રોલિંગ અંગે પરસ્પર સહમતિ સધાઈ છે. સેનાના સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત અને ચીન વચ્ચે કેટલાક વિસ્તારોને લઈને પરસ્પર સમજૂતી થઈ છે અને પેટ્રોલિંગ ફરી શરૂ કરવામાં આવશે, જેમાં હવે અરુણાચલ પ્રદેશનું યાંગ્ત્સે પણ સામેલ છે. ચીની સૈનિકોને આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવાની મંજૂરી આપવામાં આવશે. પહેલાની જેમ, ચીની સૈનિકો યાંગત્ઝીમાં પેટ્રોલિંગ કરી શકશે અને પેટ્રોલિંગ દરમિયાન એકબીજાની હિલ ચાલને અવરોધવામાં આવશે નહીં.

---

# રાજુલાનાં આરએફઓ યોગરાજસિંહ રાઠોડ બે લાખની લાંચ લેતાં ઝડપાયા

રાજુલા, તા.૨૬

વડાપ્રધાનનાં અમરેલી આગમન સમયે જ રાજુલાનાં આરએફઓ રૂા. ૨ લાખની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાતા ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર વન્ય પ્રાણી પ્રોટેકશન માટે જાળી નાખવાનાં વાર્ષિક ભાવ મંજુર થયેલ હોય જેના ડિપોઝીટ પેટે તેઓએ ૫ લાખ જમા કરાવેલ હતા. કામ પૂર્ણ થતાં ફરીયાદીએ ડીપોઝીટની રકમ છૂટી કરવા તથા વાર્ષિક કોન્ટ્રાકટનું કામ પૂર્ણ થયું હોય બંને કામનાં મળીને આરોપી રાજુલાનાં આરએફઓ



યોગરાજસિંહ રાઠોડે લાંચ માંગી હતી. ૧૦ લાખ રૂા. લાંચની માંગણી કરી હતી. આ પેટે ફરીયાદીએ ૯૦ હજાર અગાઉ આપી દીધા હતા. તેમ છતાં પણ આરોપીએ લાંચની માંગણી ચાલુ રાખતા જે કોન્ટ્રાકટર લાંચ આપવા માંગતા ન હોય તેણે એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીએ રેન્જ ફોરેસ્ટ ઓફિસ રાજુલા ખાતે આરએફઓ યોગરાજસિંહ રાઠોડ અને વિસ્મય દિનેશભાઈ રાજયગુરૂ કરાર આધારીત કોમ્પ્યુટર ઓપરેટરને રૂા. ૨ લાખની લાંચ લેતા ઝડપી પાડયાં હતા. એસીબી અને પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

---

# કોડીનારના ડોળાસા ગામે ૧૫ વર્ષના કિશોરનું બ્રેઈન સ્ટ્રોકથી નિધન : ગામમાં શોકની લાગણી

ડોળાસા,તા.૨૬

કોડીનાર તાલુકાના ડોળાસા ગામમાં એક કરુણ ઘટના સામે આવી છે, જ્યાં ૧૫ વર્ષીય કિશોર વિવેક સોલંકીનું બ્રેઈન સ્ટ્રોકને કારણે અકાળે અવસાન થયું છે. આ ઘટનાથી સમગ્ર ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. ભાવસિંહભાઈ ધીરુભાઈ સોલંકી અને તેમના પત્ની શાંતિબેન છૂટક મજૂરી



અને બકાલું વેચીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના ત્રણ સંતાનોમાં બે દીકરીઓ અંજલિ (૧૮), ભૂમિકા (૧૬) અને એક માત્ર દીકરો વિવેક (૧૫)નો સમાવેશ થાય છે. ધોરણ ૯માં અભ્યાસ કરતા વિવેકને તા.૨૪ના રોજ બપોરે દોઢ વાગ્યે અચાનક બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. બુટ પહેરતી વખતે અચાનક ઢળી પડેલા વિવેકને તાત્કાલિક ડોળાસા અને ત્યાંથી ઉના દવાખાને લઈ જવાયો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. અભ્યાસમાં હોશિયાર એવા વિવેકના અચાનક અવસાનથી માતા-પિતા બેહોશ થઈ ગયા હતા, જેમને સારવાર માટે ઉના ખસેડવામાં આવ્યા છે. ગામના વેપારીઓએ પણ શોક વ્યક્ત કરવા પોતાના ધંધા-રોજગાર બંધ રાખ્યા હતા. આ કરુણ ઘટનાથી સમગ્ર કોળી સમાજ અને ડોળાસા ગામમાં ભારે શોકની લાગણી છવાઈ ગઈ છે.

---

# બીજી ટેસ્ટમાં ન્યુઝીલેન્ડે જીત મેળવતા ૧૨ વર્ષ ઘરઆંગણે ભારતે શ્રેણી ગુમાવી

પુણે,તા.૨૬

ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી હારી ગઈ છે. પુણેમાં રમાયેલી બીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને કિવી ટીમે ૧૧૩ રને પરાજય આપ્યો હતો. આ જીત સાથે કિવીઝે ૩ મેચની સિરીઝમાં ૨-૦ની અજેય સરસાઈ મેળવી લીધી છે. છેલ્લી મેચ ૧ નવેમ્બરથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. ભારતીય ટીમ ૧૨ વર્ષ



બાદ હોમ ગ્રાઉન્ડ પર ટેસ્ટ સિરીઝ હારી છે. ટીમની છેલ્લી હાર ૨૦૧૨માં ઈંગ્લેન્ડ સામે થઈ હતી. આ સિરીઝ હાર સાથે જ ભારતીય હોમગ્રાઉન્ડના વર્ચસ્વનો ૪૩૩૧ દિવસ પછી અંત આવ્યો છે. શનિવારે મેચના ત્રીજા દિવસે ૩૫૯ રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી ભારતીય ટીમ બીજી ઈનિંગમાં માત્ર ૨૪૫ રન જ બનાવી શકી હતી. ન્યૂઝીલેન્ડે બીજી ઈનિંગમાં ૨૫૫ રન બનાવ્યા હતા. પહેલી ઈનિંગમાં કિવીઝે ૨૫૯ રન બનાવ્યા હતા અને ભારતે ૧૫૬ રન બનાવ્યા હતા. મિચેલ સેન્ટનરે પહેલી ઈનિંગમાં ૭ અને બીજી ઈનિંગમાં ૬ વિકેટ ઝડપી હતી.

---

### નિવૃત્ત થતા શિક્ષકોને શાલ અને સન્માનપત્ર અર્પણ

# ઉનાની શાહ એચ.ડી.હાઈસ્કૂલમાં શિક્ષકોનો ભવ્ય નિવૃત્તિ સમારોહ યોજાયો

ઉના, તા.૨૬

ઉના તાલુકા કેળવણી મંડળ સંચાલિત શાહ એચ.ડી.હાઈસ્કૂલ – ઊના ખાતે વયનિવૃત્ત થઈ રહેલા જે.એન.પાઠક અને જે.જી.ભટ્ટનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં તાલુકા કેળવણી મંડળના જીતુભાઈ શેઠ, કે. ડી.દેસાઈ અને ટ્રસ્ટી ચંદુભાઈ છગ, રાધેભાઈ, રાકેશભાઈ તેમજ શાળાના આચાર્ય




ડો.કે.જે.ગોસ્વામી તથા સમગ્ર સ્ટાફની હાજરીમાં આ વિદાય-સન્માન સમારોહ યોજાયો હતો. બંને નિવૃત્ત થતા શિક્ષકોને શાલ અને સન્માનપત્ર એનાયત કરી તેઓની સેવાને નવાજવામાં આવી હતી.

---

# ગુરૂગ્રામનાં એક મકાનમાં આગ ભભૂકતા ચાર લોકો ભડથુ થયાં

ગુરૂગ્રામ, તા.૨૬

ગુરૂગ્રામના એક મકાનમાં આગ ભભૂકી ઉઠતા ચાર લોકો જીવતા ભડથુ થઈ ગયા હતા. આગમાં માર્યા ગયેલા ચાર લોકો ગારમેન્ટ કંપનીમાં



ટેઈલરીંગનું કામ કરતા હતાં. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ગુરુગ્રામમાં સરસ્વતી એન્કલેસના જી બ્લોકમાં શુક્રવારે રાત્રે લગભગ બે વાગ્યે આગ ભભુકી ઉઠી હતી. આગની ચપેટમાં આવતા ચાર લોકોના જીવતા મોત થયા હતા. આગ લાગવાનું કારણ હજુ બહાર નથી આવ્યું.

---

# ગુજરાતમાં આર્થિક રીતે પછાત વર્ગોને અનામતના મળતાં લાભ મુદ્દે મુખ્યમંત્રીને રજૂઆત

કોડીનાર, તા.૨૬

ગુજરાત રાજ્યના સામાજિક , શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગની અનામતમાં જાતિઓને મળતા લાભમાં અન્ય રાજ્ય કરતા ગુજરાત રાજ્યમાં અસમાનતા હોય કોળી, ઠાકોર અને અન્ય પછાત સમાજને પૂરતા પ્રમાણમાં લાભો મળતા ન હોય ખરેખર મળવા પાત્ર સમાજના લોકોને લાભ મળે તે માટે એક અલાયદી કમિટીની રચના કરવા માટે કોડીનાર તાલુકા કોળી સમાજ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને એક વિસ્તૃત પત્ર પાઠવીને માંગણી કરવામાં આવી છે. કોડીનાર કોળી સમાજના પ્રમુખ અરસિભાઈ સોલંકીએ પત્રમાં જણાવ્યું છે કે હાલમાં ગુજરાતમાં ૧૪૬ જાતિમાંથી માત્ર પાંચથી દસ જાતિના લોકોને જ આનો લાભ મળે છે. ગુજરાતના પછાત સમાજના વિશાળ સમુદાયના હિતને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા શૈક્ષણિક પછાત વર્ગની અનામત નીતિમાં ફેરવિચારણા કરવામાં આવે અનામતનો લાભ માત્ર અમુક જ્ઞાતિ પૂરતો જ સીમિત ન રહી જાય અને દરેક પછાત વર્ગને તેનો અધિકાર અને હક મળે તે માટે અલાયદી કમિટીની રચના કરવામાં આવે અન્યથા ગુજરાતના કોળી ઠાકોર અને અન્ય સમાજના વિશાળ સંખ્યાના લોકો પોતાના હક અને અધિકાર માટે ગાંધી ચીંધ્યા રાહે આંદોલન કરશે.

---

# ઉનાના સામતેર ગામમાં સિંહે ત્રણ ગાય અને એક આખલાનું મારણ કર્યું

ઉના,તા.૨૬

ઉનાના સામતેર ગામમાં સિંહે એક પછી એક ત્રણ ગાય અને એક આખલાનું મારણ કરતાં ગામલોકોમાં ભય ફેલાયો હતો. સિંહે પશુઓ પર કરેલા હુમલાની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. સામતેર ગામે અનેકવાર સિંહ આવી જતા હોય છે અને પશુઓ પર હુમલો કરીને



તસ્વીર : કૈલાશ ભટ્ટ

મિજબાની માણીને જતા રહે છે. આવી રીતે ગત મોડી રાત્રિના સમયે સિંહે આવીને ગ્રામ પંચાયત હાઈસ્કૂલના ગેટની સામેના ભાગે એક ગાયનો શિકાર કરી તેની પાછળ દોટ મુકતા ગાયે પોતાનો જીવ બચાવવા માટે ઘણી દોટ મૂકી પરંતુ સિંહે તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી અને બે ગાયને પ્લોટ વિસ્તારમાં મોતને ઘાટ ઉતારી હતી. એક આખલાને ગામથી થોડે દૂર એક આંબાવાડીમાં મોતને ઘાટ ઉતારી દીધો હતો.

**સિંહ દ્વારા થયેલ હુમલાની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી**

---

# ડોળાસાની માધ્યમિક શાળાના પૂર્વ આચાર્યનો વિદાય સમારંભ યોજાયો

**આચાર્યને ગામલોકોએ ઉષ્માભરી વિદાય આપી**

ડોળાસા,તા.૨૬

કોડીનાર તાલુકાના ડોળાસા ગામની ભ. ભા. માધ્યમિક શાળાના અંગ્રેજી શિક્ષક અને પૂર્વ આચાર્ય હરિભાઈ ગોહિલને નિવૃત્તિ વિદાયમાન અપાયું હતું. હરીભાઈ એન.



ગોહિલ ડોળાસા માધ્યમિક શાળામાં ૧૯૯૨માં જોડાયા હતા. એક જ શાળામાં ૩૨ વર્ષ અને એક માસ સુધી પ્રમાણિક ફરજ બજાવી વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ શ્રી દત્ત આશ્રમ ખાતે યોજાયો હતો, જ્યાં ડોળાસા અને અડવી ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. હરિભાઈ ગોહિલે જીવનપર્યંત ડોળાસા ખાતેની એક જ શાળામાં નિર્વિવાદ અને પ્રામાણિક ફરજ બજાવી સમસ્ત ડોળાસા ગામના લોકોના દિલ જીતી લીધા હતા. આજે તેમની વિદાય સમયે તેમના અનેક સંભારણાઓ યાદ કરી તેમને ઉષ્માભરી વિદાય આપવામાં આવી હતી.

નોન ટી.પી. એરિયામાં ૪૦ ટકા કપાત બાદ કરીને ૬૦ ટકા જમીનનું પ્રિમિયમ વસૂલ કરવામાં આવશે

# ગુજરાતના ૮ શહેરોની પ્રોપર્ટી માટે સરકારનો નિર્ણય, નોન ટીપી જમીન માટે છૂટ આપી

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ૮ શહેરો તથા ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને હાલ ભરવા પડતા પ્રિમિયમમાં રાહત આપતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. તદનુસાર, ડી-૧ કેટેગરીમાં આવતા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા), ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા), સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા), વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રુડા) ડી-૨ કેટેગરીમાં જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ (જુડા), જામનગર શહેરી વિકાસ સત્તામંડળ (જાડા) અને ભાવનગર શહેરી વિકાસ સત્તામંડળ (ભાડા)ના વિસ્તારો ઉપરાંત ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં



નોન ટી.પી. એરિયામાં ૪૦ ટકા કપાત બાદ કરીને ૬૦ ટકા જમીનનું પ્રિમિયમ વસૂલ કરવામાં આવશે. મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે રાજ્યના ડી-૧ અને ડી-૨ કેટેગરીના ૮ શહેરો અને ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને કપાતમાં જતી જમીન ઉપર જે પ્રિમિયમ ભરવું પડતું હતું તેમાથી મુક્તિ મળશે અને માત્ર તેમની પાસે રહેનારા ૪૦ ટકા કપાતના ધોરણો પછીના સુચિત પ્લોટના અંતિમ ખંડના ક્ષેત્રફળ જેટલા જ વિસ્તારનું પ્રિમિયમ ભરવાનું રહેશે.

# અમરેલી જિલ્લાના ડે.કલેકટર, મામલતદારોની બદલી, નાયબ મામલતદારોને મળી બઢતી

અમરેલી,તા.૨૬

દિવાળી પહેલા ગુજરાત સરકારે અધિકારીઓની બદલી અને બઢતીના આદેશ આપ્યા છે. જેમાં ડેપ્યુટી કલેક્ટર અને ડેપ્યુટી જિલ્લા વિકાસ અધિકારીઓની બદલી અને મામલતદારો અને ટીડીઓની બઢતી કરવામાં આવી છે. વર્ગ ૧ના ૭૯ અને વર્ગ ૨ ના ૪૪ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. રાજ્યના મહેસૂલ વિભાગમાં મોટા પાયે બદલી સાથે બઢતી કરવાના રાજ્ય સરકારે આદેશ આપ્યા છે. જેમાં ૭૯ ડેપ્યુટી કલેક્ટરની બદલી અને ૪૪ મામલતદારને પ્રમોશન આપી ડેપ્યુટી કલેક્ટર બનાવાયા છે. જો અમરેલી જિલ્લાની વાત કરીએ તો સાવરકુંડલાના પ્રાંત અધિકારી ડી.એચ.ભાલાળાને ડે.સુપ્રિટેન્ડેટ ઓફ સ્ટેમ્પ ગાંધીનગર, જયારે જે.વી.પટેલને જામનગરથી સાવરકુંડલા મુકવામાં આવ્યા છે. ડે.ડીઈઓ ડી.પી. સકસેનાને નડીયાદ મુકવામાં આવ્યા. તેમના સ્થાને અમદાવાદથી આનંદ ઉકાણીને મુકાયા છે. જયારે અમરેલી જિલ્લાનાં મામલતદારોની પણ બદલી થઈ છે. બગસરાનાં મામલતદાર કું. આર.જી.ઝાલાને બઢતી સાથે બોટાદ ડે.કલેકટર તરીકે મુકવામાં આવ્યા છે. તેમના સ્થાને ઉમરાળાથી પી.એ.ભીંડી મુકાયા છે. વડિયાનાં મામલતદાર એમ.પી.સોલંકીને પીઆરઓ ખેડા, સાવરકુંડલાનાં મામલતદાર એસ.એચ. બારૈયાને કુંડલાથી વીજાપુર, જે.ડી.જાડેજાને બાબરાથી રાજકોટ મુકવામાં આવ્યાં છે. તેમજ જિલ્લાનાં નાયબ મામલતદારોને પણ બઢતી મળી છે. વી.જે.ડેર મામલતદાર પાલીતાણા, એન.ડી.પરમાર મામલતદાર હિંમતનગર, એમ.ડી. જાની મામલતદાર તળાજા, એ.ડી.કુબાવત પીઆરઓ ભાવનગર, કે.કે.વાળા મામલતદાર માળીયાહાટીના અને એન.એન.વિસાણીને મામલતદાર મેંદરડા મુકવામાં આવ્યાં છે.

# પોરબંદરથી પાકિસ્તાનને માહિતી પહોંચાડનાર દેશદ્રોહીની ધરપકડ

પોરબંદર,તા.૨૬

ગુજરાત ATSએ ગુજરાતના કોસ્ટ ગાર્ડ પાસેથી ઈન્ફોર્મેશન મેળવી પાકિસ્તાનની જાસૂસ સંસ્થા ISIને માહિતી પહોંચાડતા પંકજ કોટિયા નામના જાસૂસને ઝડપી પાડ્યો છે. આરોપી ઘણા સમયથી કોસ્ટલ વિસ્તારમાં મહત્વની માહિતી ભેગી કરતો હતો. તેમજ અલગ-અલગ માધ્યમથી પાકિસ્તાન પહોંચાડતો હોવાની વિગતો સામે આવતા ગુજરાત ATSએ આરોપીની



ધરપકડ કરી છે. પોરબંદરના પંકજ કોટિયાએ કઈ-કઈ વિગત પાકિસ્તાન પહોંચાડી છે, તે શોધવાના પ્રયાસો શરૂ કર્યા છે. સામાન્ય રીતે સોશિયલ મીડિયા મારફતે તેણે કેટલીક વિગત મોકલી આપવાનું હાલ જાણવા મળી રહ્યું છે. પરંતુ, ગુજરાત ATS દ્વારા કોઈપણ કચાશ ન રહી જાય અને તપાસના મૂળ સુધી પહોંચી શકાય તે માટે પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે.

# દિવાળી પહેલા અમદાવાદની હવા બની ઝેરી, એકયુઆઈના સ્તરમાં થયો વધારો

અમદાવાદ, તા.૨૬

અમદાવાદની હવા પ્રદૂષિત બની છે. મોડી રાત્રે અને વહેલી સવારે ફેક્ટરીઓમાંથી છોડાતા ધુમાડાના કારણે હવાનું પ્રદૂષણ વધ્યું છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં એકયુઆઈ ૨૫૦ થી ઉપર પહોંચ્યો છે. ઉલ્લેખનીય છે કે, શૂન્યથી ૫૦ એકયુઆઈ હોય તો હવા સારી ગણાય છે. ૫૦થી ૧૦૦ એકયુઆઈ હોય તો ગુણવત્તા સમાન્ય ગણાય છે. ૧૦૦થી ૨૦૦ની વચ્ચે હવાની ગુણવત્તા ખરાબ કહેવાય છે.

ગુજરાતમાં પણ પ્રદૂષિત હવાનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે. ગુજરાતમાં સૌથી વધુ પ્રદુષિત હવા અમદાવાદમાં છે. દિવાળી પહેલા અમદાવાદની હવા પ્રદૂષિત થઈ છે. એર ક્વોલિટી ઈન્ડેક્સમાં વધારો થતા હવા દૂષિત બની છે. અમદાવાદમાં હવા પ્રદૂષણનું પ્રમાણ વધ્યું છે. શિયાળાની શરૂઆત સાથે શહેરની હવા દૂષિત થઈ છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે.

# રાજકોટની ૧૦ ફાઈવસ્ટાર હોટલને બોમ્બથી ઉડાવી દેવાની મળી ધમકી

રાજકોટ,તા.૨૬

દેશમાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ પેસેન્જર ફ્લાઈટ્સ પર બોમ્બની ધમકીઓ મળવાનો સિલસિલો યથાવત છે, ત્યાં જ હવે હોટલોને ઉડાવવાની ધમકી મળવાનું શરૂ થયું છે. રાજકોટની ૫ સ્ટાર હોટલો સહિત ૧૦ હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો મેલ મળ્યો છે. શહેરની ઈમ્પીરિયલ પેલેસ, સયાજી હોટલ, સિઝન્સ હોટલ, હોટલ




ગ્રાન્ડ રેજન્સી સહિતની હોટલને એકસાથે ધમકીભર્યો મેલ આવ્યો છે. ક્રિકેટરો જ્યાં રોકાય છે એ હોટલનો પણ આ ધમકીમાં સમાવેશ છે. દિવાળી તહેવાર વચ્ચે આ પ્રકારની ધમકીનો ઈ-મેલ આવતાં પોલીસ પણ દોડતી થઈ છે. જે ૧૦ હોટલને ધમકી મળી એ સિવાયની હોટલમાં પણ પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. તકેદારીના ભાગરૂપે પોલીસનું રાજકોટની તમામ મોટી હોટલમાં હાલમાં ચેકિંગ ચાલી રહ્યું છે.






# મુળીમા વીજ કરંટ લાગતા બેના કરૂણ મોત

સુરેન્દ્રનગર,તા.૨૬

સુરેન્દ્રનગરના મુળીમાં ખેતરમાં વીજ કરંટ લાગતા બે લોકોના મોત નિપજયા છે. ખેતરમાં દવાનો છંટકાવ કરતા હતા તે દરમિયાન કરંટ લાગવાની ઘટના બની હતી. ઘટના સ્થળે જ બે વ્યકિતના મોત થયા હતા જેને લઈ પરિવારમાં આક્રંદ છવાયો હતો. ૨૦ વર્ષીય વિપુલ અને ગટુ કોળીનું મોત થયું છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ કાર્યવાહી કરી છે. સુરેન્દ્રનગરના મુળીમાં વીજકરંટ લાગતા બે વ્યકિતના મોત થયા છે. ખેતરમાં જયારે દવાનો છંટકાવ કરવામાં આવતો હતો તે દરમિયાન જમીનમાથી વીજ વાયર પસાર થતો હતો અને તેમાં ભારે કરંટ પસાર થયો હતો જેને લઈ તેમના ઘટના સ્થળે મોત થયા હતા.સાથે સાથે તેમને સારવાર મળે તે પહેલા જ તેમનું ઘટના સ્થળે મોત થયું છે. પરિવારનો આક્ષેપ છે કે વીજ



કંપનીની બેદરકારીના કારણે આ મોત થયું છે અને વીજ કંપનીના કર્મીઓ સામે ગુનો નોંધાય તેવી માંગ કરી છે. સમગ્ર ઘટનામાં પોલીસે હાલમાં તો અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે અને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપ્યો છે, પીએમ થયા બાદ મૃતદેહને પરિવારને સોંપવામાં આવશે, વીજ વાયરમાં કોઈ છેડો છૂટો પડયો નથી ને તેને લઈ વીજ કંપનીના અધિકારીઓ પણ ચેક કરી રહ્યાં છે.


॥ સંઘે શકિત કલૌ યુગે ॥

## અભિનંદન સહ શુભકામનાઓ



**શ્રી મહેન્દ્રભાઈ વિછીયા**
ખજાનચી ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ

**શ્રી ભાવનાબેન પટેલ**
કાર્યાધ્યક્ષ ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ

અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ વિછીયા સાહેબશ્રી ને ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના ખજાનચી તરીકે અને અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહિલા હોદેદાર શ્રી ભાવનાબેન પટેલને ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યાધ્યક્ષ તરીકે નિમણુક થતા અમો સૌ હર્ષની લાગણી અનુભવીએ છીએ આપ ઉતરોતર પ્રગતિ કરો તેવી શુભેચ્છા સહ બંને મહાનુભાવેને ખૂબ ખૂબ અભિનંદન

શુભેચ્છક

**રસિકલાલ બી. મહેતા** – મહામંત્રી
**નીલેશભાઈ યુ. હુંમર** – મહામંત્રી
**પ્રવિણભાઈ કસવાલા** – અધ્યક્ષ શિસ્ત સમિતિ
**પ્રમોદભાઈ કાનપરિયા** – સિ. કાર્યાધ્યક્ષ
**ધર્મેન્દ્રભાઈ ધાધલ** – ખજાનચી

**ભગીરથભાઈ એમ વરૂ** – પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખશ્રી - જાફરાબાદ
**સચિનભાઈ જે. મહેતા** – પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રી - જાફરાબાદ
**ધર્મેન્દ્રભાઈ એ. ધાધલ** – પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખશ્રી - રાજુલા
**પ્રમોદભાઈ ડી. કાનપરિયા** – પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રી - રાજુલા
**નિલેશભાઈ વી. ઉનાગર** – પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખશ્રી - ખાંભા
**વિનોદભાઈ ગાજીપરા** – પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રી - ખાંભા
**ક્રિપાલસિંહ વી. જાડેજા** – પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખશ્રી - સાવરકુંડલા
**અલ્પેશસિંહ યુ. જાડેજા** – પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રી - સાવરકુંડલા
**પ્રતાપભાઈ આર. બસિયા** – પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખશ્રી - ધારી
**પ્રવિણભાઈ જે. કસવાલા** – પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રી - ધારી
**પરેશભાઈ બોરડ** – પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખશ્રી - બગસરા
**અશ્વિનભાઈ રામસ્નેહી** – પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રી - બગસરા
**વિમલભાઈ કે. દેવાણી** – પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખશ્રી - કુકાવાવ
**ચંદુલાલ વી. ગજેરા** – પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રી - કુકાવાવ
**અજયભાઈ આર. હુદડ** – પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખશ્રી - બાબરા
**સંજયભાઈ ડી. વસાણી** – પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રી - બાબરા
**હિતેષભાઈ આર. સોરઠિયા** – પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખશ્રી - લાઠી
**જયદિપસિંહ સરવૈયા** – પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રી - લાઠી
**અશ્વિનભાઈ જે. વિછીયા** – પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખશ્રી - લીલીયા
**સુધીરભાઈ પી. સતાણી** – પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રી - લીલીયા
**સુરેશભાઈ બી.સાસકિયા** – પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખશ્રી - અમરેલી
**વિપુલભાઈ ધોરાજીયા** – પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રીશ્રી - અમરેલી

તમામ રાજય, જિલ્લા અને તાલુકા કારોબારી સભ્યશ્રીઓ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ અમરેલી

**અમરેલી જિલ્લા પ્રાથમિક સંઘ**


# ટીઆરપી ઝોન મામલે રાજકોટના મ્યુ. કમિશનરોએ હાઈકોર્ટમાં માફી માંગી



રાજકોટ,તા.૨૬

રાજકોટના મ્યુનિ કમિશનર અમિત અરોરા અને આનંદ પટેલે કોર્ટમાં કરેલાં સોગંદનામાંમાં તેમણે મૃતકોનાં સ્વજનો માટે દુઃખ વ્યક્ત કર્યું હતું. અગાઉની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કમિશનરો સામે નારાજગી વ્યક્ત કરતાં એવી ટકોર કરી હતી કે બન્ને કમિશનરને કોઈ અપરાધભાવ થતો નથી અને તાબાના અધિકારી પર અંકુશ જાળવી શકતા નથી. જો કમિશનર માફી નહીં માગે તો કોર્ટ તેમની સામે પગલાં લઈ શકે છે. કમિશનરોએ પોતાના અંગત ખિસ્સામાંથી વળતર ચૂકવવા પણ કોર્ટે સૂચન કર્યું હતું. કોર્ટના વલણને પામી જઈને બન્ને કમિશનરે કોર્ટે કહ્યા મુજબ કોર્ટની માફી માંગી હતી.





